|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/–। આજીવન **૧૬,૫૦૦**/–
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## || ચાલી નીકળો ||

પરમ જ્ઞાનીઓ એમ નથી કહેતા કે, 'આ રહ્યો તમારો મુકામ.' તેઓ એટલું જ કહે છે; 'આ રહ્યો માર્ગ. ચાલી નીકળો.' જો તમે બરાબર ચાલ્યા, ચાલતા જ રહ્યા તો મંઝિલ આવી જશે. ભટકતા ચિત્તથી એ દૂર રહેશે પણ જો તમારું ચિત્ત ઠરી જશે તો તમે એ ક્ષણે જ્યાં હશો ત્યાં જ મંઝિલ હશે ! મંઝિલ ભવિષ્યમાં નથી, વર્તમાનમાં જ છે; પણ તમારે પ્રતીક્ષા કરવી પડશે. કેમકે તમારા દર્પણ પર ધૂળ છે એની સફાઈ કરવામાં થોડો સમય લાગશે. સત્યને પામવામાં સમય નથી લાગતો, મનને સ્વચ્છ કરવામાં સમય લાગે છે. સત્ય કાલે હતું, આજે છે, હંમેશ છે, શાશ્વત છે. બસ તમે જે દિવસે તૈયાર થશો એ જ દિવસે એ પ્રગટ થશે. ત્યાં જ રસ્તો ખોવાઈ જશે ને મંઝિલ પ્રગટ થઈ જશે. તમે ચાહો તો આ ક્ષણે ક્રાંતિ થઈ શકે એમ છે. પણ તમે એ ક્રાંતિ જલદી ચાહતા નથી. તમારાં કંઈક કામ છે, મોહ છે; જે તમારે પૂરાં કરી લેવાં છે. બાકી જે ગુરુએ માર્ગ બતાવ્યો એ જ ગુરુના પગ એ જ ક્ષણે પકડી લીધા હોત તો ચિત્તના બધા ઉધામા ત્યાં જ શાન્ત થઈ જાત. મંઝિલ સ્વયં પ્રગટ થઈ જાત.

**–ભગવાન શ્રી રજનીશ**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ૧૫ ઑગસ્ટ, ૨૦૨૦

## પરમ વંદનીય સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીના સુવર્ણ-જયંતી વર્ષનો શુભારંભ

# ॥ શત યોગ વંદનમ્ ॥

'ૐ નમો યોગેશ્વરાય
યોગેશ્વરં બ્રહ્મસ્વરૂપમ્
જ્ઞાનસ્વરૂપં શાન્તરૂપમ્
ત્રિલોકનાથં શ્રી ગુરુદેવમ્'



# અનુક્રમ


| | | |
|---|---|---|
| 'એ છે સર્વેશ્વરીનો શ્યામ રે..' | પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી | ૫ |
| નિવેદન | | ૬ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી | ૯ |
| ૨. ૐ મા-પ્રભુ | શ્રી સુશીલાબહેન ભક્ત | ૧૦ |
| ૩. 'પ્રકાશના પંથે' | ડૉ. હિમાંશુ પાઠક | ૧૭ |
| ૪. સંતહૃદયની મઘમઘતી ફોરમ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૩ |
| ૫. 'રસેશ્વરી' : રાધાની રમ્યરસિક કથા | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૨૮ |
| ૬. 'આગ' સામે અક્ષત રહે એ કલા | ડૉ. અરુણા ઠાકર | ૪૨ |
| ૭. Advent of Divinity | શ્રી પ્રતીક સ્માર્ત | ૫૪ |
| ૮. પ્રકાશના પંથેની પ્રશસ્તિ | શ્રી યોગેશ પંડ્યા | ૫૭ |
| ૯. સુહાયે મસ્તકે શિવસ્તુતિ | શ્રી તરલા દેસાઈ | ૬૦ |

# ॥ એ છે સર્વેશ્વરીનો શ્યામ રે ॥

['શત યોગ વંદનમ્'નો આહ્‌લેક ઉચ્ચારતું પૂજ્યશ્રી'મા' રચિત પદ 'એ છે સર્વેશ્વરીનો શ્યામ રે' કાવ્ય 'ઉત્તમોત્તમ ધ્વનિકાવ્ય' છે. કારણ કે 'એ' સર્વનામમાંથી સતત ઝંકૃત થતું 'શ્રી યોગેશ્વરજીનું વિશેષનામ' આખીયે રચનાનો રમણીય વ્યંગ્યાર્થ બની, 'શ્યામ' વાચ્યાર્થને ઑર રમણીય બનાવી રહે છે. પૂ.શ્રી'મા'ના 'અનુપમ પ્રેમના અનુપમ અર્ઘ્ય' સમી આ કાવ્યરચના મસ્તકે ધારી ધન્ય બનીએ.]

## એ છે સર્વેશ્વરીનો શ્યામ રે

(રાગ - આજ વૃંદાવન)

**એ છે સર્વેશ્વરીનો શ્યામ રે**
**એણે ધાર્યાં છે વિધવિધ નામ**
**હસતો, રમતો, હરતો ફરતો**
**ક્ષણ ક્ષણ આવીને એ વરતો**
**ત્રિલોકે ધરે એની છાંય રે — એ છે**
**સખા, સ્વજન કે સેવક બનતો**
**માતની ગોદ હૂંફાળી ધરતો**
**એ તો ધારે છે વિધવિધ વેશ રે — એ છે**
**જ્યાં ત્યાં તકને શોધી લેતો**
**સર્વ સંબંધે આવી ઊભો**
**એની જગમાં મળે ના જોડ રે — એ છે**
**સર્વેશ્વરીથી ક્ષણ ના અળગો**
**છતાંયે ના કોઈને દેખાતો**
**દિવ્ય અલૌકિક એની કાય રે — એ છે**
**અનુભૂતિના બોલને ઝીલજો**
**શ્રી ચરણોમાં મસ્તક નમજો**
**લઈ જાશે પરમને ધામ રે — એ છે**

**—'મા' સર્વેશ્વરી**

**૧/૬/૨૦૧૮**



# નિવેદન : 'અમારું જીવન એ જ અમારી વાણી'

ઈશ્વર પંખીને સ્વર આપે છે, તો પંખી એ જ સ્વર પાછો આપે છે. જ્યારે મનુષ્યને મળેલો સ્વર તે ગીતરૂપે અર્થાત્ વાણીના ઐશ્વર્યમંત અર્ઘ્યરૂપે ઈશ્વરચરણે ધરે છે. પૂ.શ્રી યોગેશ્વરજીનો અઢળક અક્ષરવૈભવ એનું ઉજ્જવલ દૃષ્ટાંત છે.

દરેક જ્ઞાની મનુષ્ય જાણે છે કે જન્મ એ ઈશ્વરે અર્પેલું અણમોલ વરદાન છે. એટલે તે પોતાની સંભવિતતાઓથી, પોતાના જીવનને વધારે ને વધારે ઉજ્જવળ બનાવવા પ્રાણપણે મથે છે. કહેવાય છે કે, 'ઈશ્વર તેના તારાખચિત મંદિરમાં આવા મનુષ્યની, તેના ઝળહળ આંતરદીપ સાથે આવવાની રાહ જુએ છે.' મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા ઈશ્વરદર્શી સંત તો પોતાના અસ્તિત્વના અંશેઅંશમાંથી પ્રગટાવેલો આંતરદીપ લઈને જ નહિ, સ્વયં જ્યોતિસ્વરૂપ બનીને, અખંડ, એકરૂપ, અદ્વૈતની પરમ આભારૂપે ઈશ્વરમાં જ ભળી જાય છે. કહો કે, 'પરમ તત્ત્વના કોડિયામાં તેલ પૂરવાને બદલે સીધો અજવાસ-પ્રકાશ પૂરે છે, એને અધિક જ્વલંત કરે છે.'

પરમ વંદનીય શ્રી યોગેશ્વરજીના જીવનનો સળંગ આલેખ દર્શાવે છે તેમ જીવનનાં પ્રારંભનાં વીસ વર્ષ સંસારમાં રહી, એની સાધારણતા-ક્ષુદ્રતામાં નહિ અટવાવાનો નિર્ણય કરી. બીજાં વીસ વર્ષ હિમાલયમાં, શાશ્વતીની દિશામાં, પ્રખર સાધનાનો જટિલ પથ એકલે હાથે જ ખેડ્યો. સતત સાવધ, કડક

આત્મનિરીક્ષક રહીને અપૂર્વ લગન, અપાર ધીરજ, અપ્રતિમ હિંમત, સમર્પણથી વ્રતો-ઉપવાસો-પ્રાર્થનાઓ-સત્સંગ-ધ્યાન-સમાધિ વગેરેના પ્રયોગોથી સિદ્ધિના શિખરે પહોંચી, જગદંબાનો સાક્ષાત્કાર પામીને જ રહ્યા.

પછી દૃઢ સંકલ્પથી જગદંબાની અહર્નિશ સંનિધિ પ્રાપ્ત કરી સ્વયં પરમતત્ત્વના પર્યાય બની રહ્યા. પોતાની પ્રકૃતિનું સંપૂર્ણ રૂપાન્તર દિવ્યતામાં પરિણમ્યું તે પછી જ તેઓશ્રીએ દેશવિદેશમાં સાચો જીવનસંદેશ પ્રસાર્યો. અધ્યાત્મલક્ષી સત્ત્વસમૃદ્ધ પ્રવચનો, વિવિધ શિબિરો, ધ્યાનકેન્દ્રો, 'અધ્યાત્મ' સામયિક, સર્વમંગલ ટ્રસ્ટ, અંબાજીમાં સાધકો માટે કુટિરોનું આયોજન, વિશ્રામગૃહ જેવાં લોકકલ્યાણનાં એક પછી એક અભિયાન હાથે ધર્યાં. કિફાયતી ભાવે થોકબંધ પુસ્તકોનું પ્રકાશન કરાવી, વેદ-ઉપનિષદ-ગીતા-મહાભારત-ભાગવત-રામાયણ જેવા ઉત્તમોત્તમ ગ્રંથો સરળ-રસમય શૈલીમાં લોકો સુધી પહોંચાડ્યા. નિયમિત સાહિત્યલેખનથી તેમણે જીવન-માંગલ્યલક્ષી સંત સાહિત્યની એક ઉજ્જવળ પરંપરા ઊભી કરી; ને એક પણ સાહિત્યસ્વરૂપ (પછી તે નવલકથા હોય કે નવલિકા, ઊર્મિકાવ્ય હોય કે મહાકાવ્ય, નાટક હોય કે જીવનચરિત્ર)-તેમણે અસિદ્ધ ન રાખ્યું.

પણ કોઈ સંસ્થા-સંપ્રદાય-શિષ્યમંડળ રચવા કદી પ્રયત્ન ન કર્યો. તેઓશ્રીનું એક માત્ર કાર્ય સૂતેલા આત્માઓને જગાડવાનું રહ્યું. પ્રખર પુરુષાર્થને પરિણામે પ્રાપ્ત આંતરઐશ્વર્ય જગત સમક્ષ વિચાર-વાણી-વર્તન-લેખન દ્વારા પ્રગટ કરવા અંતિમ શ્વાસ સુધી



મથ્યા. સૌથી વિશેષ તો પોતાની સંપૂર્ણ પ્રતિકૃતિ એવાં પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીને પ્રસાદરૂપે ધરી; આજે પણ 'અનસ્ત યોગેશ્વર જ્યોત' સ્થિર-નિષ્કંપ અને દેદીપ્યમાન રાખી છે. પૂ.શ્રી 'મા' પણ અત્યંત વિનમ્ર ભાવે, અનન્ય કૃતજ્ઞભાવે મૌનથી સૂચવી રહ્યા છે : 'અમારું જીવન એ જ અમારી વાણી.'

પરમ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજીના 'શતયોગવંદનમ્' માટે સુભાગી બનેલા આપણે નત્મસ્તકે એક કિનારો જેમ નદીને કહે તેમ, વિનમ્રભાવે કહી શકીએ :

'હું આપનાં મોજાં-સઘળા તરંગો તો ધારી શકું તેમ નથી પણ આપનાં પદચિહ્નોને મારા હૃદયમાં ધારણ કરવા દો.' અર્થાત્ 'હે ગુરુદેવ પ્રભુ ! આપની અધ્યાત્મ પ્રતિભાના તમામ ઉન્મેષો-તેજસ્ફુલિંગોને તો અમે ઝીલી શકીએ એમ નથી, પણ આપે જે શ્રદ્ધા, સૂક્ષ્મ પ્રેમાદર-ભક્તિભાવ અમારામાં પ્રગટાવ્યાં છે, એ ધારણ કરી શકીએ તો ય ઘણું !

આપનાં શ્રીચરણકમળમાં કોટિ કોટિ પ્રણામ !

'સંતોને નથી હોતો જન્મ, નથી હોતું મૃત્યુ. હોય છે કેવળ 'જીવન'. એ જીવન પણ એવું કે જેમાં 'શાશ્વતીની સુગંધ' હોય. ભૂત-વર્તમાન-ભવિષ્યના સર્વ યુગોના સર્વ જ્ઞાનીઓની જેમ એક જ સંદેશ હોય;, અહમ્‌ની આળપંપાળ છોડો ને આત્મસ્વરૂપમાં સ્થિર થાઓ.

# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૭૯**

**તા. ૩-૨-૮૩, ગુરુવાર, મહા વદ છઠ ૨૦૩૯**

**ઈસ્ટ લંડન**

ઈસ્ટ લંડન શહેરનું નામ. બ્રેલેન નામનો ભારતીય વિસ્તાર. એમાં પ્રસિદ્ધ એવા લહરી પરિવારમાં અમારો ઉતારો. શ્રી લહરી નામની એ વ્યક્તિ સંત-પ્રકૃતિની હતી. તેઓ સેવાભાવી ને સત્સંગી હતા.

સવારે એ જ નિત્યક્રમ રહ્યો. ભોજનમાં મગની દાળ ને ભાત બનાવી લીધાં. પછી, નીચે ઓરડામાં જ ભોજન લઈ લીધું.

ભોજન બાદ સાંઈબાબાની સ્તુતિ બોલ્યાં. વાંચન કર્યું. થોડું લેખન કર્યું. આજે મુલાકાતના સમયે કોઈ નહી હોવાથી શાંતિ હતી.

સાંજે આ ઘરમાં નિયમિત રીતે સમૂહપ્રાર્થના થતી હતી. તે પ્રાર્થના બાદ અમે ઉપર ગયાં. થોડી જ વાર પછી મંદિરમાં ગયાં. ત્યાં આરતી થઈ. આરતી બાદ અમારું સ્વાગત થયું. સ્વાગત બાદ ભજન ગવાયું.

પૂ.શ્રીએ 'પ્રાર્થના' ઉપર જ પ્રવચન આપ્યું. પ્રવચન બાદ ભજન-ધૂન થયાં. પછી ફરીથી સમૂહમાં પ્રભુને પોઢાડવાનું એક પદ ગાવામાં આવ્યું.

સૌ વિદાય થયાં. અમે પણ અમારા ઉતારા ઉપર આવી ગયાં. ફળ-દૂધ લીધાં પછી આરામ.

હરિઃ ૐ

**—'મા' સર્વેશ્વરી**



# ॥ ૐ મા-પ્રભુ ॥

જય કૃપાળુ મા ! પ્રણામ !

આપનાં શ્રી ચરણોમાં શ્રદ્ધાસુમનનો અર્ઘ્ય ધરી, ગુરુપૂર્ણિમા પર્વની પ્રાર્થના સાથે પ્રણામ ! આજનું આ પર્વ, સનાતન પરંપરાગત પ્રણાલીગત છે ! સત્યયુગ, દ્વાપર, ત્રેતા કે કલિયુગમાં એ પ્રણાલી બદલાતી રહી. શ્રીકૃષ્ણના સમય દરમિયાન કોઈપણ પ્રથા સ્વીકારાઈ હશે કે કેમ ? એ ચર્ચા અસ્થાને છે. છતાં કંઠીપ્રથા એમણે સ્વીકારી ન હતી. તો બીજાની વળી વાત જ શી ?

અમારાં રામકબીર ભક્ત સમાજમાં કંઠીપ્રથાની પ્રણાલી ચાલી આવી તો ખરી; પરંતુ અમારા પૂજ્ય બાપુજીએ આવી કોઈ પ્રથાનો સ્વીકાર કર્યો નહિ. કંઠી બાંધી નહિ, બાંધવા દીધી પણ નહિ, પણ કંઠીને તોડી. એવી સંકુચિત વાડાબંધી સ્વીકારી જ નહિ. સમૂળી ક્રાંતિના પ્રણેતા પૂ.ગાંધીજીની ખાદીનાં વસ્ત્રોની પ્રતિજ્ઞા લીધી, અને અંતિમ સમય સુધી પાળી.

એવી જ આદર્શ પ્રણાલી આપણા સદ્‌ગુરુદેવે પણ અપનાવી હતી. એમનાં પ્રથમ દર્શન શિસ્તબદ્ધ ખાદીનાં વસ્ત્રોમાં જ થયાં ! અને ખાદી વસ્ત્રમાં શોભાયમાન રહ્યા.

મંત્રદીક્ષા અનેકને દીધી હશે, પણ સર્વશ્રેષ્ઠ મંત્રદીક્ષા પૂ.માને શ્રી શૈલે મલ્લિકાર્જુને મળી.

જે સમય હતો, યાત્રાની મધ્યરાત્રિ ! બીજી જ સવારે ૫૦૦/— રૂપિયાની નોટ, મંત્રદીક્ષાની ભેટ ગુરુદક્ષિણાસ્વરૂપે

પૂ.શ્રી ને ધરી તો ખરી; પરંતુ એ ભેટનો થયો અસ્વીકાર ! આવા આદર્શવાદી શ્રેષ્ઠીનાં ચરણોમાં, ભક્તિભાવપૂર્વક જનમોજનમનાં પ્રણામ પાઠવું છું. વળી પૂ.શ્રીએ અપનાવેલી આદર્શ પ્રણાલીનો ખ્યાલ આપવાનો નમ્ર પ્રયાસ કરું છું, જેનો સ્વીકાર પૂ.મા કરશે, એવી આશા અસ્થાને નથી.

પૂ.મા-પ્રભુની વિશેષતાઓ વર્ણવી શકાય એટલું સામર્થ્ય આપણામાં નથી. પૂ.મા-પ્રભુનાં જનમોજનમનાં સુકૃત કે લેણદેણનો-અભેદ્ય રેખાનો જે પિરામિડ રચાયો છે, તે કૃષ્ણ સુદામા કે શ્રી નારાયણ જાની સાથેની મૈત્રી-ભક્તિ કરતાં જરાય ઊતરતો નથી.

કેવળ સત્યનો જ સ્વીકાર ! માત્ર ને માત્ર કેવળ ગુરુભક્તિ જ ! દક્ષિણ ભારતયાત્રાને વાંચી, વિચારીએ તો અનન્ય પૂજ્યભાવ ! સાંજને છેડે દર્શન ન મળે તો ભોજન નહિ. આ આપણા પૂ.માની આદર્શ ગુરુભક્તિ ! એ સામે આપણાથી ભૂખ્યું રહેવાતું નથી ! 'ભૂખ લાગી'-'ભૂખ લાગી'ના ધમપછાડા !

યાત્રામાં એમણે તસ્વીર ખેંચી, થોડી મૂંઝવણ અનુભવી, છતાં તસ્વીર તો લેવાઈ જ ગઈ ! અને રસ્તામાં "વરદ-હસ્ત"ની કાવ્ય-પંક્તિ સ્ફુરી, જે યુગો સુધી અમરત્વ પામશે. દેશ-વિદેશમાં આ કાવ્ય-પંક્તિ પ્રસિદ્ધિ પામી.

'અર્ઘ્ય' અને 'અંજલિ' જેવા કાવ્યસંગ્રહમાં અનેક ભાવવાહી પદો સાથે એ કાવ્યપંક્તઓ સ્થાન પામી શકી. દરેક પદોનો નિચોડ, એટલે કેવળ સમર્પણ. ક્યારેક સમર્પિત મીરાં તો ક્યારેક વળી જોગણ ! પૂ.શ્રીમાનાં ચરણોમાં શ્રદ્ધાસુમન વરસાવી, આ રીતે હું મારું શીશ ઝુકાવું છું અને શ્રદ્ધાભક્તિનો



અર્ઘ્ય શ્રી ચરણોમાં અર્પણ કરું, અને એ રીતે ઋણમુક્ત થવા માગું છું.

આજના આ ગુરુપૂર્ણિમા પર્વનાં સૌ કોઈ ભક્તની નાની મોટી ભક્તિ-રસરેલી વરસાવે એવી, આ અનન્ય રસરેલીની તક મને મળી છે. એના અનુસંધાનમાં પૂ.મા-પ્રભુનાં સમગ્ર સંચાલન ગ્રુપની હું ઋણી છું. આભાર માનું છું. આજનું પર્વ એટલે સન્માનની પ્રણાલિકાને સ્ફૂર્તિ, જાગૃતિ કે પૂજ્ય ભાવનું દર્શન કરાવતી એક આવકારદાયક પ્રથા. પ્રાચીન સમયથી ગુરુ શિષ્યની પરંપરા તો ચાલી આવી છે. જેમનું સન્માન જે તે યુગમાં થતું રહ્યું છે. જેમાં આદર્શ શિક્ષકની સન્માનપ્રથા ચાલી આવી. સાથે અનેક ક્ષેત્રોમાં સન્માનની પ્રથા તો છે જ !

આપણાં પૂજ્ય મા યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી, સુવર્ણચંદ્રકથી સન્માનિત થયાં. જ્યાં શ્રેષ્ઠત્વ છે તેનું સન્માન એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન કે પ્રણાલી છે. અને એ ઋષિમુનિઓના સમયથી ચિતરાયેલી એક પગથિ છે. એ પગથિને વંદન. પૂ.શ્રી પ્રભુજીએ પૂ.માનાં આ શિરમુગટને નવાજ્યો. જ્યાં જ્યાં પરિચય દીધો ત્યાં ત્યાં, તો જ્યાં જ્યાં એઓશ્રી સાથે નવા પ્રદેશોમાં ગયાં, ત્યાં ત્યાં પૂ.મા સર્વેશ્વરીનાં પરિચયમાં આ શ્રેષ્ઠતાને સન્માન્યું એમાં આનંદ, સન્માન કે સમાનતાની ભાવના સમાયેલી હતી.

પૂ.મા એ અનેક કાવ્યરચનાઓ કરી. 'અર્ઘ્ય'-'અંજલિ'માં એમનો ગોપીભાવ તાદ્દશ થયો, તો હરિ-ૐ આશ્રમના એકાંતવાસમાં કાવ્યનો વિષય થોડો બદલાયો, જેમાં પડકાર, પોકાર, વિરહ કે વ્યાકુળતા પણ છે. "બંધ બારણે ટકોરા મારે

તો શ્યામ તને સાચો ગણું !'', ''અરે કોઈ શ્યામલ જોગીને જઈ કહેજો, કે જોગણ જુએ તારી વાટડી'', હરિરસની હેલી પણ વરસાવી જાણી. ગુરુભક્તિ સાથે નમ્રતા ભળી.

'ગુરુ માત પિતા, ગુરુ સ્વામી સખા,
ગુરુ ચરણોમાં ક્ષમાભાવે પ્રણામ.'

એમની એ વિશેષ ગુરુભક્તિ અજોડ, અનન્ય છે તેનું આ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે.

પરિવારની એક વ્યક્તિ-મોભી આજે બિમાર છે. મોટા દાનેશ્વરી છે. જુદા જુદા દેશોમાં એમની લક્ષ્મીએ વિવિધ ક્ષેત્રોમાં દાનગંગા વહાવી, જેમાં વિદ્યાલયો, વિશેષ પ્રકારની આધુનિક સંશોધનયુક્ત હોસ્પિટલની સજ્જતા. એમની વિશેષ સેવાકીય પ્રવૃત્તિમાં એમની લક્ષ્મીનો જે સદુપયોગ થયો છે, તે પ્રશંસનીય છે. એમની જીવલેણ કસોટીભરી માંદગી સામે પૂ.મા એ પડકાર ફેંક્યો છે, જેમાં અસંખ્ય પ્રણામોની શૃંખલા થકી રક્ષાકવચ ધર્યું તે ખૂબ દંગભર્યું છે. પૂ.શ્રીનું અનેક જન્મોનું શરણું, ઋણાનુબંધનું બારણું, સૂર્યપ્રકાશિત થઈ અહીં ખૂલી રહ્યું છે. પ્રાચીન સમયમાં એવા શ્લોકો છે, કે જે ગુરુભક્તિથી વણાયેલા છે. જે અતિ પ્રસિદ્ધિ છે.

**'અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનાંજલ શલાક્યા ।**
**ચક્ષુર ઉન્મિલિતમ યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥'**

એ જન્મોજન્મની ગુરુપરંપરામાં આપણને ગુરુમાતા મળ્યાં. એ ઈશ્વરનું શ્રેષ્ઠ પ્રદાન અમારા પરિવારને મળ્યું. એક જ પરિવારમાં, એક જ માતાપિતાનાં સંતાન તરીકે અમે ભેગાં



મળ્યાં. જે ગૌરવશાળી બાબત છે.

ધન્યવાદ પ્રભુ !

એ શ્રેષ્ઠ ગુરુવર્યના સન્માનથકી આદર્શ પ્રણાલીની જે રીતિનીતિ ચાલી આવી છે, એ પરંપરામાં જરૂર પરિવર્તન આવ્યું છે, પણ નામ તેનું તે જ છે. એટલે કે ગુરુપૂર્ણિમા ! જે ભૂલાયું નથી કે નામશેષ પણ થયું નથી. એ આદર્શ સંસ્કૃતિના પ્રણેતા એટલે ઋષિવર-મુનિવર ગણાય.

શ્રી કૃષ્ણ-સુદામાની અનન્ય મૈત્રી, માત્ર વિદ્યાભ્યાસ કે આદર્શ શાળાની પ્રવૃત્તિ પૂરતી મર્યાદિત ન હતી. એઓનો અનન્ય મિત્ર-પ્રેમ હતો કે સેવકવૃંદોથી ઘેરાયેલા રાજદરબારમાં પહોંચી જાય છે. રાજમહેલના ઠાઠમાઠ જોઈ સંકોચ પામે છે. પોતે નિર્ધન છે. શરીર પર ફાટેલાં વસ્ત્રો છે. દુર્બળ છે. પણ અહીં તો સન્માન થયું ! પ્રભુએ સ્નાન કરાવ્યું ! સંતાડેલા તાંદુલને શોધીને સ્વયં પ્રભુ આરોગે ! એ મૈત્રી નથી. અહીં મૈત્રીમાં રહેલી સમાનતા છે ! અહીં સાંદિપની ઋષિની પ્રાથમિક શાળા નથી ! અહીં તો સમાનતાની યુનિવર્સિટી છે. જ્યાં શ્રેષ્ઠત્વ છે તેનું સન્માન છે. આપણાં પૂ.'મા'-એ, એ રીતે શ્રેષ્ઠત્વનું શિખર સર કર્યું. પૂ.શ્રી પ્રભુએ એને બિરદાવ્યું ! શ્રેષ્ઠ ગુરુપદ ધર્યું. ઊંચા આસને સ્થાન દીધું !

હવે આપણે એ જાણીએ કે પૂ.શ્રી જ્યાં જ્યાં ગયા, ત્યાં ત્યાં દેવાંગભાઈ કહે, તેમ હરિરસની હેલી વરસાવી, સંસ્કૃતિની મિસાલ ધરી. વિદેશમાં જઈ ગુજરાતીઓ સમક્ષ મૌલિક કાવ્યધારા, કે અન્ય સાહિત્યને દીપાવ્યું ! સંસ્કૃતિના હાર્દ સમા, કઠિન ગ્રંથોનું સરળ ભાષામાં ભાષાંતર કર્યું. વળી સંસ્કૃતિના

પ્રણેતાએ ૧૦૦ જેટલા પુસ્તકોનું નિર્માણ કરી, ગુજરાતી પ્રજાને ઋણી બનાવી છે.

વળી ત્યાગી વૈરાગી મહાત્માએ પોતાના જીવનનું આદર્શ ઘડતર કર્યું. જેનો પ્રતિભાવ આપણી સમક્ષ જ છે. નાના-મોટા આપણે સહુ, ગુરુવર્યનું પૂજન, એક સાથે કરી રહ્યાં છીએ !

પૂ.શ્રીએ કોઈ કંઠીપ્રથા ધરી નથી. ગુરુ-દક્ષિણાની ભેટનો સ્વીકાર કર્યો નથી. એક ક્રાંતિકારી મહામાનવે વિચરણ કરી, ગુરુભક્તિરૂપી, મા સર્વેશ્વરીની દેન જગતને ધરી છે. ધન્યવાદ ! મહાપ્રભુ ! આપનો આભાર !

એમની વિહારભૂમિ ક્યાં ? કયી ? ભારતીય સંસ્કૃતિની ભલેને એક જ વ્યક્તિ હોય; ત્યાં પહોંચી સંસ્કૃતિની મશાલ ધરી, અનેક પુસ્તકોનાં વિદ્વત્તાસભર ભાષા-સાહિત્યને સમજાવ્યું. મૌલિક કાવ્યધારાને વહાવી ! દિવ્ય વાણીથકી શ્રી કૃષ્ણ-પ્રભુનો ઉપદેશ 'સરળ ગીતા' સ્વરૂપે સમગ્ર ભારતના અર્જુનોને ડોલાવી ગયો ! સમગ્ર વિશ્વની ગુજરાતી પ્રજાને અણમોલ ભેટ ધરી, કૃતાર્થ કરી, સરળ ગીતાનું સરળત્વ કંઠસ્થ થયું ! ભગવાન શ્રીકૃષ્ણનું સામીપ્ય ધર્યું. આ રીતે ભારતીય સંસ્કૃતિનું સન્માન ! નિરપેક્ષ ભક્તિભાવ આદર્શ સંસ્કૃતિના પ્રણેતાએ કાવ્યો, નવલકથા, વાર્તાસંગ્રહ પ્રવાસનાં પુસ્તકો પણ લખ્યાં ! જેમાંથી આપણને સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે. એવી એમની દેન ! અનેક મહાપુરુષો, મહાન ગ્રંથોનો તે કેવો અભ્યાસ !

હિમાલયની કંદરામાંથી બહાર આવ્યા તો, નખશિખ સફેદાઈ લઈને આવ્યા ! એ સફેદાઈમાં સરળતા સ્વીકારી, સમૂળી ક્રાંતિ ધરી, ક્રાંતિ એટલે શું ? નહિ કોઈ સ્વાગત ! કે સન્માન ! માત્ર ને માત્ર સ્મરણ ! એ સ્મરણયાત્રા વ્યાકુળ બની. એ વ્યાકુળતામાં મા ! જગદંબાનો પોકાર ! તેમને આરાધ્યા, પોકાર્યા. સતત દર્શનની અભિલાષાઓ વધી. અને, એમાંથી મળ્યાં 'મા' ! સર્વેશ્વરી ! જેમને 'મા ! જગદંબા' તરીકે માન્યાં. ઓળખાવ્યાં ! દીપાવ્યાં, પૂજ્યાં, સાથે રાખ્યાં. સહુ કોઈ ભક્તોએ ચરણોમાં પ્રણામ કર્યાં ! એ રીતે પ્રભુ શ્રી યોગેશ્વરજીની આજ્ઞાને કોઈએ ઉલ્લંઘી નથી. વળી આ તપસ્વિની દેવી કોણ ? કોઈએ પૂછ્યું નથી ! એમને સાથે રાખ્યાં સમાજનો કોઈ ડર નહિ. નીડરતાથી પૂ.મા-ને સાથે રાખી, ઉજ્જવળ બનાવી, શ્રેષ્ઠતાનું શિખર સર કરાવ્યું ! એમની પાશ્વભૂમિકાનું વરદાન મળ્યું ! આમ મારું લાંબુ વક્તવ્ય પૂરું થયું !

સમાપનમાં આપણા સદ્‌ગત અનન્ય ભક્તશિરોમણિ શ્રી લક્ષ્મેશભાઈ જોષીની એક પૂજ્યશ્રી'મા' વિશે લખાયેલી કૃતિ ગાવાની કોશિશ કરું છું.

**'જય જય હે ! ભગવતી સર્વેશ્વરી**
**તવ ચરણે પ્રણમામઃ'**

**–શ્રી સુશીલાબહેન ભક્ત**

'સંપૂર્ણ વિશ્વ એટલે વાસુદેવ એવી અનુભૂતિ જેને થાય એ જ ભક્તોમાં શ્રેષ્ઠ.'

# ।। પ્રકાશના પંથે ।।

પ્રત્યેક સદીને પોતાની આગવી સમસ્યાઓ હોય છે, પરંતુ પ્રત્યેક સદીમાં માનવ પોતાની સમસ્યાઓના નિરાકરણ માટે હંમેશાં સંત-મહાત્મા-ફકીર-સાધુ-યોગી તરફ પોતાની નજર દોડાવતો હોય છે. માનવને એવી આશા હોય છે, એવો વિશ્વાસ અને શ્રદ્ધા હોય છે કે આ મહામાનવ પાસેથી એને પ્રત્યુત્તર મળશે જ. એ મહામાનવ પછી ભલે ને ભગવાન બુદ્ધ-શંકરાચાર્ય-સંત જ્ઞાનેશ્વર-ગુરુ નાનક-રામકૃષ્ણ પરમહંસદેવ-સાંઈબાબા, કે રમણ મહર્ષિ કેમ ના હોય ! વીસમી સદી કે એકવીસમી સદીનો માનવ પણ અપવાદરૂપ નથી. એને પણ ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે, કદાચ અગાઉની સદીઓ કરતાં વધારે સઘન સમસ્યાઓ એને સતાવતી રહે છે.

વીસમી સદીને માંડ આંગળીના વેઢે ગણી શકાય એટલા જ સાચા-ચોવીસ કેરેટના યોગીઓ પ્રાપ્ત થયા હતા, જેઓ પ્રચંડ સાધના કરીને અધ્યાત્મજગતના સર્વોચ્ચ શિખર પર આરૂઢ થયા હતા. એ યોગીવૃંદના શિરમોર, સર્વોચ્ચ, દેદીપ્યમાન, ઝળહળતા સૂર્યસમાન યોગી કોણ હશે ?

ગુજરાતી સાહિત્યમાં આત્મકથાને એક આગવું સ્થાન છે. પોતાની સાધના-સમજણ-વિચારોની અભિવ્યક્તિ આત્મકથામાં ખૂબ પ્રામાણિકતા અને સત્યને વફાદાર રહીને કરવામાં આવતી હોય છે અને એટલે રહીને કરવામાં આવતી હોય છે અને એટલે જ અવલ્લ દરજ્જાની આત્મકથાની સંખ્યા અલ્પ જોવા મળે છે.



તો આવો, આજે આપણે એ આત્મકથા વિશે પરિચય કેળવીએ, જે આપણા જીવનને પ્રકાશના પંથે આગળ ને આગળ લઈ જવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકવાનું સામર્થ્ય ધરાવે છે.

હા, મિત્રો, હું જે આત્મકથાની વાત કરું છું એ આત્મકથાનું નામ જ છે :

**“પ્રકાશના પંથે”**

આ આત્મકથાના સર્જક છે મહાત્મા શ્રી યોગેશ્વરજી.

મારું એ સદ્‌ભાગ્ય છે કે જે દિવસે ‘પ્રકાશના પંથે’નું પ્રકાશન અને વિમોચન થયું હતું, તે સમારંભમાં હું હાજર હતો. મારી ઉંમર તો માંડ ૧૪-૧૫ વર્ષની હતી, પરંતુ એ દિવસથી જ આ આત્મકથા મારા પ્રિય પુસ્તકોમાં પ્રથમ સ્થાને છે. હું કદાચ આજે ‘પ્રકાશના પંથે’ની વિશેષતાને સંપૂર્ણ ન્યાય ના આપી શકું, એવું શક્ય છે. પરંતુ જો તમે જીવનમાં સાચી આધ્યાત્મિકતા અને ઉચ્ચ કક્ષાની સાધનાની સમજણની શોધમાં હોવ, તો તમને ‘પ્રકાશના પંથે’ કરતાં વધારે સારી આત્મકથા મળવી મુશ્કેલ જ નહિ, અશક્ય છે. માટે જ હું તમને ‘પ્રકાશના પંથે’ના વાંચનની ભલામણ કરું છું.

આજે ભારત દેશમાં અને પશ્ચિમના દેશોમાં પણ મોટીવેશનલ સ્પીકરની બહુ બોલબાલા છે, જેમાં ઘણા સાધુ-સંતોનો પણ સમાવેશ થાય છે. જીવનમાં સફળતા અને શાંતિની શોધમાં નીકળેલા માનવો એમને શરણે જાય છે, પરંતુ એમાં પણ જે સાધુ-સંત-મહાત્મા કે પ્રોફેશનલ સ્પીકરે સાધના કરીને જે તે જ્ઞાનને પચાવી જાણ્યું છે, એમની વાતની અસર વધારે થાય છે. બાકી તો તમે પણ એવા સાધુ-સંતને જાણો છો જે જેલની હવા ખાય છે.

પૂ.શ્રી યોગેશ્વરજી એકદમ જુદી માટીના મહાપુરુષ છે. એટલા માટે જ કહેવાનું મન થાય છે કે 'પ્રકાશના પંથે' એટલે પૂ.શ્રી યોગેશ્વરજીની સંપૂર્ણ જાગૃતિ સાથેની તનતોડ મહેનત અને પ્રચંડ પુરુષાર્થનો ઈતિહાસ.

આજના માનવોના જીવનમાં શાંતિનો જે સૂર્યાસ્ત થયો છે, એનાં સામાન્ય કારણોની ટૂંકી ચર્ચા અસ્થાને નથી.

તમે તમારા જીવનમાં અને તમારી આજુબાજુના વાતાવરણમાં વસતા લોકો જે આર્થિક, સામાજિક, કૌટુંબિક પરિસ્થિતિ સાથે જીવે છે, તેનો સ્વીકાર કરી શકતા નથી, પરિણામે નાની નાની વાતમાં ગુસ્સો-હતાશા-નિરાશા-ચિંતા-ગભરામણ-આત્મહત્યાના વિચારોથી હેરાન થાય છે. જો એમના જીવનમાં જે તે પરિસ્થિતિનો સ્વીકારભાવ વધી જાય તો ! તો તો કોઈ દુઃખ જ ક્યાંથી રહે ?

'પ્રકાશના પંથે'માં પૂ.શ્રી યોગેશ્વરજી ઘણીવાર વિપરીત પરિસ્થિતિમાં મૂકાયા છે. પણ ક્યારેય હતાશ-નિરાશ-દુઃખી થતા દેખાતા નથી. પછી ભલે એ મહર્ષિ અરવિંદ તરફથી મળતો નકારાત્મક પ્રત્યુત્તર હોય, દેવકીબાઈની ધર્મશાળાનું વિપરીત વાતાવરણ હોય, અમદાવાદમાં કોઈ સંત દ્વારા પૂછાયેલો વિચિત્ર સવાલ હોય કે યોગી થઈને ભટકો છો ? કે સ્વયં જગદંબા દ્વારા આપવામાં આવતી તારીખો વારંવાર સાચી કેમ ના પડતી હોય ! અહીં વારંવાર સંપૂર્ણ સ્વીકારભાવનાં દર્શન થાય છે. 'પ્રકાશના પંથે' આપણા જીવનમાં શાંતિનો સૂર્યોદય પ્રકટાવી શકે છે, જો આપણે between the lines વાંચવાની કળામાં પારંગત હોઈએ તો !

આજકાલ ઘણા માનવોને વ્યાયામ તરફ અરુચિ છે, આળસ છે અથવા તેઓ અનિયમિત રીતે વ્યાયામ કરે છે. પૂ.શ્રી



યોગેશ્વરજી એકદમ જાગૃત છે, નાની ઉંમરે રહેતા ક્વચિત માથાના દુઃખાવાની ફરિયાદમાંથી સદાકાળ મુક્ત થવા માટે અને જીવનના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે જરૂરી શારીરિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ અર્થે વ્યાયામ શરૂ કરે છે, એટલું જ નહિ, જીવનના અંતિમ દિવસ સુધી એ નિયમનું પાલન પણ કરે છે. એ રીતે માનવમાત્રને વ્યાયામનું મહત્ત્વ સમજાવી રહ્યા છે.

ઘણા માનવો સ્વભાવે ડરપોક-ભીરુ છે. પોતાની સાચી ને સાચી વાત હોવા છતાં પોતાના બોસ-ભાઈ-બેન-પુત્ર-પુત્રી-પત્ની કે ઈશ્વરને એ અંગે કંઈ કહી શકતા નથી અને દુઃખી રહે છે, એ દુઃખ ઘણા રોગો લાવે છે. 'પ્રકાશના પંથે' માનવને નીડર થતાં શીખવે છે. પૂ.શ્રી યોગેશ્વરજીની નીડરતા અનેક પ્રસંગોમાં ઊડીને આંખે વળગે છે. એ પછી લક્ષ્મીબાઈ સાથેનો પ્રારંભિક વાર્તાલાપ હોય કે સ્વામી શિવાનંદજી જોડેનો.

'પ્રકાશના પંથે'માંથી ગમતા પ્રસંગો પૈકી એક મને બહુ ગમે છે. પૂ.શ્રી યોગેશ્વરજી તો દેવકીબાઈની ધર્મશાળાના જે તે ટ્રસ્ટી દ્વારા નિયુક્ત મેનેજર છે, પણ લક્ષ્મીબાઈ પૂ.શ્રીને વારંવાર ગાળો ભાંડે છે. છતાં પૂ.શ્રી યોગેશ્વરજી, પોતાની કોઈ ભૂલ ના હોવા છતાં, પોતે ધર્મશાળાના મેનેજર છે એ ભૂલીને, લક્ષ્મીબાઈના હૃદયને થતા દુઃખ માટે માફી માગે છે. મિત્રો, તમારું તો મને ખબર નથી, પણ મારાથી તો પૂ.શ્રી યોગેશ્વરજીની જેમ માફી ના માગી શકાય. આવું કરવા માટે દિલમાં જીગર જોઈએ. Guts જોઈએ અને selfesteem બહુ ઊંચો જોઈએ. પૂ.શ્રી યોગેશ્વરજીને સો સલામ !

આજે ઘણીવાર બહાર અને અંદરના જગતમાં અસ્વચ્છતા જોવા મળે છે. 'પ્રકાશના પંથે'નાં અનેક પૃષ્ઠો પર પૂ.શ્રી યોગેશ્વરજીનો નાનપણથી જ અંદર અને બહારની શુદ્ધિનો

આગ્રહ આપણને ઘણું શીખવી જાય છે.

સૂરતનું જમણ અને કાશીનું મરણ જગવિખ્યાત છે. સૂરતી લોકોના જીવનમાં સ્વાદનું અનન્ય સ્થાન છે. 'પ્રકાશના પંથે'માં અનેકવારના ઉપવાસનો ઈતિહાસ આપણને શું શીખવે છે ? એ તો તમે 'પ્રકાશના પંથે'નું વાંચન કરો તો જ તમને પૂરેપૂરો ખ્યાલ આવશે.

આજકાલ વિશ્વમાં યોગ બહુ પ્રચલિત છે. મહર્ષિ પતંજલિ યોગશાસ્ત્રના પિતા છે અને યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ જેવા અષ્ટાંગ માર્ગનું અનુમોદન કરે છે. પોતાના જીવનમાં સાધના દ્વારા યોગને ૧૦૦ ટકા ચરિતાર્થ કરીને પૂ.શ્રી યોગેશ્વરજી આજના માનવને એવા યોગ શીખવે છે, જેથી આપણા જેવા માનવનાં યોગમાર્ગમાં શ્રદ્ધા અને વિશ્વાસ વધી શકે. પૂ.શ્રી યોગેશ્વરજીએ પોતાની અનુભવાત્મક વાતો જેમાં લખી છે, તે છે 'પ્રકાશના પંથે'.

આજનો માનવ બુદ્ધિવાદી છે, ફક્ત માઈક્રોસ્કોપની નીચે જે દેખાય છે તેને જ સાચું માને છે. છતાં આજના માનવની ઈશ્વરને જાણવાની ઉત્કંઠા તો એટલી જ છે. એટલે જ આજના માનવને સ્વામી વિવેકાનંદની જેમ પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે 'શું તમે ઈશ્વરને જોયો છે ?' આપણે તો શ્રી રામકૃષ્ણદેવ પરમહંસદેવનું દર્શન કરી શક્યા નથી, પણ શ્રી રામકૃષ્ણદેવે સ્વામી વિવેકાનંદને આપેલો જવાબ યાદ છે કે, 'નરેન્દ્ર, જેમ હું તને જોઉં છું, તે જ રીતે ઈશ્વરને જોઉં છું અને વાતો પણ કરું છું.' વીસમી સદી-એકવીસમી સદીના માનવના આ જ પ્રશ્નને આવો જ પ્રત્યુત્તર છાતી ઠોકીને આપનારા મહાપુરુષની આત્મકથા એટલે 'પ્રકાશના પંથે'.



'પ્રકાશના પંથે' અધ્યાત્મજગતમાં પ્રચલિત સઘળી ભ્રમણાઓને નિર્મૂળ કરીને આપણને નિર્ભ્રાંત બનાવે છે. આપણને શીખવે છે કે સાચી આત્મિક સાધના કોને કહેવાય ? આધ્યાત્મિક વિકાસના તબક્કાઓ કયા કયા છે ? આધ્યાત્મિક વિકાસ માટે જરૂરી સાધનો ક્યાં ક્યાં છે અને એ સાધનાનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ ? પ્રાર્થનાનો મહિમા શું છે ? અરે ? પ્રાર્થના જ સંપૂર્ણ સાધના છે, એ જ 'પ્રકાશના પંથે'નો મુખ્ય સૂર છે, જે સામાન્ય માનવને ગમી જાય એવી સુલભ વાત છે. અને છેવટે, ટૂંકા અને સરળ રસ્તા શોધનારા માનવને એ પણ સમજાવી દે છે કે, આ માર્ગે કેટલું બલિદાન આપવું પડશે ? સાથે સાથે એ તરફ પણ અંગુલિનિર્દેશ કરે છે કે ઈશ્વર પરની શ્રદ્ધા કેવી હોવી જોઈએ ? અને એવી શ્રદ્ધા જીવનને કેવી રીતે સુગંધિત કરી દે છે !

તમે પણ મારી વાત સાથે સહમત થશો કે જે યોગેશ્વર શ્રીકૃષ્ણે આજથી ૫૦૦ વર્ષો પહેલાં મહાભારતની યુદ્ધભૂમિ કુરુક્ષેત્રના પ્રાંગણમાં કહ્યું હતું કે;

**'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥**
**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।**
**धर्मसंस्थापनार्थाय सम्भवानि युगे युगे ॥'**

વીસમી સદીમાં પણ એ જ ભગવાન યોગેશ્વરે પુનઃ શરીર ધારણ કરીને જે ગીતા ગાઈ, તે ગીતાનું નામ છે :

''પ્રકાશના પંથે''

**–ડૉ. હિમાંશુ પાઠક**

# ॥ સંતહૃદયની મઘમઘતી ફોરમ ॥

'હિમાલયવાસી સંત' તરીકે પ્રસિદ્ધ એવા મહાત્મા યોગેશ્વરજીની આ કૃતિ હિમાલયના મસૂરીમાં સર્જાઈ છે અને આપણે જાણીએ છીએ કે મહાભારતની સમાપ્તિમાં એ જ હિમાલયનાં દર્શન થાય છે. મહાત્મા યોગેશ્વરજીએ 'ઉત્તરપથ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ' એમ ૧૦૨૪ પૃષ્ઠોમાં મહાભારતની કથાનું રસાળ આલેખન કર્યું છે.

મહાભારતનું આકર્ષણ કોને ન હોય ! એ માત્ર ઈતિહાસ નથી, ફક્ત પુરાણ નથી કે કેવળ કાવ્ય નથી. એ ત્રણેયનું વિસ્તૃત કલાપૂર્ણ મનોહર ગૂંથન. એની કલાત્મક ગૂંથણી એવી છે કે ચિત્તમાં કોઈ વિચાર જાગે અથવા તો કોઈ સમસ્યા ઊભી થાય કે કોઈ પ્રાચીન ગ્રંથ અને અર્વાચીન ઘટના વિશે ચિંતન કરવાનું હોય, તો 'મહાભારત'નાં સંદર્ભો પ્રગટ થયા વિના રહેતા નથી.

'મહાભારત'માં પચાસ જેટલાં આખ્યાનો અને ઉપાખ્યાનો છે, તો નેવુંથી પણ વધારે ઈતિહાસ છે. ૭૮૬૭૫ શ્લોકો ધરાવતી આ અઢાર પર્વોની કૃતિ માનવપ્રજ્ઞાનું મહાનિર્વાણ (Mounments of Human Intelligence) કહેવામાં આવે છે. એની રચનામાં સંદર્ભમાં એક સુંદર કથા મળે છે. કથાની સંકલના મનમાં ગોઠવીને મહર્ષિ વ્યાસે માતા સરસ્વતીની સૂચનાથી ગણપતિને લહિયો થવા સમજાવ્યા. ગણપતિએ શરત કરી કે શ્લોકનો પ્રવાહ અટકવો જોઈએ નહિ, ત્યારે વેદવ્યાસે



સામે એવી શરત મૂકી કે ગણપતિએ સમજ્યા વિના કંઈ લખવું નહિ. આથી જ્યારે વેદવ્યાસને આગળના શ્લોક રચવા માટે સમય જોઈતો હોય, ત્યારે એક કૂટ શ્લોક આપે અને એ પછી એનો સંદર્ભ અનુસાર અર્થ શોધવા ગણપતિ મથામણ કરે, એટલામાં મહર્ષિ વ્યાસ બીજા શ્લોકો તૈયાર કરી દેતા હતા. આ મહાભારતના કેન્દ્રમાં માનવ અને એનો ધર્મ છે. 'જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે' અને 'રક્ષેલો ધર્મ રક્ષણ કરે છે' એમ કહેવામાં આવ્યું છે.

'મહાભારત'માં ઈતિહાસ ક્યારેક કોઈ દૃષ્ટાંતરૂપે, તો ક્વચિત્ કોઈ ગાથારૂપે કે સંવાદરૂપે આલેખવામાં આવ્યો છે. આ ઈતિહાસ દેશ અને કાળની સીમાઓથી પર છે. આ 'મહાભારત'માં કોઈને રૂપકોની શોધ કરવાનું પણ મન થાય. સત્યનિષ્ઠા માટે યુધિષ્ઠિર, પ્રપંચને માટે શકુનિ, શક્તિવાનને માટે ભીમ, દુષ્ટતાને માટે દુઃશાસન જેવાં પાત્રોનું સ્મરણ સહેજે થાય.

'મહાભારત'માં ભલે પ્રાચીન કથા હોય, પરંતુ એ કથામાં એવાં સનાતન સત્યો છુપાયેલાં છે અને એવાં જીવનમૂલ્યોનું પ્રગટીકરણ થયું છે કે એ વર્તમાન સમયના આદર્શો, મૂલ્યો, ધ્યેયો અને છેક અનિષ્ટ સુધી સામ્ય ધરાવે છે.

આથી મહાભારતની કથા સમયે સમયે જનમાનસને આકર્ષક બનતી રહી છે. ગુજરાતી સાહિત્યમાં નાનાભાઈ ભટ્ટ, કનૈયાલાલ મુનશી, કરસનદાસ માણેક, રણધીર ઉપાધ્યાય, હરીન્દ્ર દવે, રઘુવીર ચૌધરી જેવા સમર્થ સર્જકોએ એના વિશે

લખ્યું છે. આ લેખકે (કુમારપાળ દેસાઈ) પણ મહાભારતના કુંતીના પાત્રને આધારે ૬૩૦ પૃષ્ઠની 'અનાહતા' નવલકથા લખી છે.

પૂ.મહાત્મા યોગેશ્વરજીના 'ઉત્તરપથ'ના આ બે ભાગનો હેતુ એવો છે કે જનસમાજના હૃદયમાં આગવું સ્થાન ધરાવતા આ ગ્રંથમાંથી લોકો પ્રેરણા પ્રાપ્ત કરે. સંત સદૈવ પોતાનો સ્નેહ અને આનંદ વહેંચતા હોય છે, એ રીતે એમણે મહાભારતની રસભરપૂર કથામાંથી જે આનંદ પ્રાપ્ત થયો, તે આનંદપ્રાપ્તિ અન્યને મળે તે હેતુથી વાર્તારૂપે મહાભારતની કથાનું આલેખન કર્યું છે.

ટૂંકાં પણ માર્મિક વાક્યો દ્વારા તેઓ સતત કથાપ્રવાહને આગળ ધપાવે છે અને એના સંવાદો વચ્ચે એમનું સંતહૃદય સતત પ્રગટતું જાય છે. જેમ કે કુંતી કહે છે, 'જીવનની ધન્યતા કેવળ પુત્રપ્રાપ્તિમાં નથી, પણ એની ધન્યતા તો તપ, ત્યાગ, તિતિક્ષા, પવિત્રતા અને સેવામાં છે.'

તો એ જ રીતે કુંતી દુર્વાસા પાસેથી મળેલા વરદાનને કારણે માદ્રીને બે પુત્રો આપે છે, ત્યારે કુંતી માદ્રીને એનો યશ આપે છે અને કહે છે કે અશ્વિનીકુમારોના આવાહન માટે તેં સંમતિ જ ન આપી હોત, તો મારો પ્રયત્ન કદી પણ ના થાત કે ના ફળત.

સુભદ્રા અને દ્રૌપદીનું સખ્ય અને દ્રૌપદીનો કૃષ્ણ પ્રત્યેનો અહોભાવ આ મહાનવલમાં સુંદર રીતે પ્રગટ થયો છે. મહાત્મા યોગેશ્વરજીનું ભાવવિશ્વ દ્રૌપદીના પાત્રના આલેખનમાં મળે છે. એને પાંચ પાંડવોનો પત્ની તરીકે આલેખવાને બદલે તેઓએ



માત્ર અર્જુનની પત્ની તરીકે દર્શાવી છે.

સુભદ્રા સાથેની સ્નેહકથા દ્રૌપદીએ રસપૂર્વક સાંભળ્યા પછી એના ઉપસંહારરૂપે અર્જુન અને દ્રૌપદીનો આ સંવાદ તો નોંધવો જ રહ્યો.

''કથાનો ઉપસંહાર કરતાં અર્જુને જણાવ્યું, હકીકત આવી હોવા છતાં એ વાતની ખાતરી આપું છું કે મારા દિલમાં તારું સ્થાન જેવું હતું એવું ને એવું જ અનેરું અથવા અજોડ છે. એને કૃતાંત કાળ પણ નથી મટાડી શકે તેમ. એ કોઈએ કારણે નથી હઠી શકે તેમ, તારે માટેનો મારો પ્રેમ અથવા ભાવ એવો જ અનેરો ને અચળ છે અને અમર રહેવા સરજાયેલો છે.''

દ્રૌપદીએ સહેજ સ્મિત કરીને કહ્યું, 'મારે એવી ખાતરી નથી જોઈતી. મારું હૃદય એની સાક્ષી પૂરે છે એટલે થયું. આ તો તમારા મનના ભાવોને જાણવા માટે મેં કેટલીક વાતો કહી બતાવી. બાકી તમે એકને બદલે બે સુભદ્રા લાવો તો પણ મારે શું ? મારો પ્રેમ તો એવો જ અસાધારણ અને અચળ રહેશે. હું તમારી છું ને તમે મારા છો એટલું મારે માટે પૂરતું છે. એને લીધે મને શાંતિ છે. એથી અધિક ચિંતા મારે ના કરવાની હોય.'

'એટલે તો મેં પહેલેથી જ કહી બતાવ્યું કે તારા સમાન સ્ત્રીરત્ન સમસ્ત સંસારમાં ભાગ્યે જ મળે. તને મેળવીને હું ધની ને ધન્ય છું.'

અહીં એ નોંધવું જોઈએ કે દ્રૌપદીનું પાત્ર આ નવલકથામાં જુદી રીતે આલેખાયું છે, કોઈ પણ લેખકે આ દૃષ્ટિએ દ્રૌપદીના પાત્રને આલેખ્યું નથી. આ ગ્રંથો એ આલેખનારના અંતરની

ઓળખ આપે છે અને એ રીતે આ ફેરફાર એ મહાત્મા યોગેશ્વરજીની ભારતીય સંસ્કૃતિની ઉપાસનાના ઉત્કૃષ્ટ ભાવમાંથી સર્જાયો છે.

આ એક હજારથી વધુ પૃષ્ઠોનો વિશાળ ગ્રંથ લખવાની પાછળ એમનો આશય ભારતના ભૂતકાલીન અમર સાંસ્કૃતિક વારસાનો પરિચય કરાવવાનો છે અને વિશેષ તો આપણી વર્તમાન પેઢી અને ભવિષ્યની પેઢી આ કથારસ માણે એમાંથી જીવનમૂલ્યો પામે અને એ પ્રાચીન જીવનદર્શનને સમજે, તેવો હોવાથી 'મહાભારત'માં આવતા લાંબાં-લાંબાં વર્ણનો અને ઉક્તિઓ એમણે ગાળી નાખ્યા છે અને ટૂંકાં ટૂંકાં વાક્યો દ્વારા વાર્તારસની જમાવટ કરી છે.

એક મહાત્મા જનસમૂહના આનંદ અને કલ્યાણની ભાવનાને અંતરમાં રાખીને રસમય અને પ્રેરણાદાયી રીતે કથાઆલેખન કરે, તેની પાછળ પણ સંતહૃદયની મઘમઘતી ફોરમનો જ અનુભવ થાય છે.

**–પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

'જે ઉપદેશક બને તેને ઈશ્વર તરફથી પરવાનો મળેલો હોવો જોઈએ. પહેલાં સાધના કરી, સાક્ષાત્કાર કરી, દર્શન કરો, પછી ઈશ્વર શક્તિ આપે, આદેશ આપે. ત્યારે બીજાનું ભલું થઈ શકે. નહિતર નહિ.'

**–શ્રી અરવિંદ**



# ॥ 'રસેશ્વરી' રાધાની રમ્ય રસિક કથા ॥

**અ**નેક સાહિત્યસ્વરૂપો પર સફળતાપૂર્વક કલમ ચલાવનાર સંતસાહિત્યકાર શ્રી યોગેશ્વરજીએ નવલકથાના સ્વરૂપને પણ સમર્થરીતે ખેડ્યું છે. એમની નવલકથાઓમાં 'યોગાનુયોગ' (૧૯૬૩), 'પ્રેમ અને વાસના' ભા-૧-૨ (૧૯૬૬), 'સ્મૃતિ' (૧૯૬૫), 'કાયાકલ્પ' (૧૯૬૬), 'ઉત્તરપથ' (પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ) (૧૯૬૯), 'કાદવ અને કમળ' (૧૯૬૯), 'સમર્પણ' ભા-૧-૨ (૧૯૭૦), 'અગ્નિપરીક્ષા' (૧૯૭૦), 'રસેશ્વરી' (૧૯૭૦), 'પ્રીત પુરાની' (૧૯૭૨), 'આગ' (૧૯૭૨), 'પરીક્ષિત' (૧૯૭૬), 'રક્ષા' (૧૯૭૮) અને 'પરભવની પ્રીત'નો સમાવેશ થાય છે. આ નવલકથાઓ પૈકી 'રસેશ્વરી'નું અવલોકન કરવાનો મારો ઉપક્રમ છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકે કહ્યું છે તેમ 'ભાગવત' તથા 'હરિવંશ' જેવા ધર્મગ્રંથોમાં ભગવાન શ્રી કૃષ્ણની જે ગુણગાથાઓ ભરેલી છે તેને લક્ષમાં લઈને તેમણે કૃષ્ણ પ્રત્યેના પોતાના પ્રેમ અને પૂજ્યભાવથી પ્રેરાઈને આ નવલકથા લખી છે. આની પહેલાં 'ઉત્તરપથ'માં તેમણે મહાભારતનું વિસ્તૃત આલેખન કર્યું હોવાથી એમાં આલેખાયેલા કૃષ્ણજીવન સંબંધિત પ્રસંગોનો ચિતાર આમાં નથી આપ્યો. એ ગ્રંથોના અનુસંધાનમાં આ કૃતિની રચના થઈ હોવા છતાં આનું સ્વતંત્ર વાંચન પણ રસપ્રદ થઈ પડશે એવી લેખકને શ્રદ્ધા છે.

પ્રશ્ન થાય કે કૃષ્ણવિષયક નવલકથા હોવા છતાં તેનું શીર્ષક 'રસેશ્વરી' કેમ રાખ્યું ? પ્રસ્તાવનાના ઉત્તરાર્ધમાં લેખક તેની સ્પષ્ટતા કરતાં કહે છે, "લોકહૃદયમાં કૃષ્ણ સાથે રાધાનું સ્થાન

પણ છે જ. કૃષ્ણ તથા રાધા સંકળાયેલાં છે. લોકો એમને એકસરખા આદર અને અનુરાગથી આજે પણ યાદ કરે છે કે પૂજે છે. મેં આ ગ્રંથમાં એ પ્રેમમૂર્તિ રાધાના પાત્રને પણ રજૂ કર્યું છે એ એની વિશેષતા છે.'' પ્રસ્તાવનાનું સમાપન કરતાં લેખક વિનમ્રતાપૂર્વક કહે છે, ''રાધા ને કૃષ્ણના વંદનીય વ્યક્તિત્વના અનંત અર્ણવમાંથી મેં તો થોડાંક બિંદુ જ રજૂ કર્યાં છે. એમના સંપૂર્ણ વ્યક્તિત્વને કોણ ઝીલી શકે ? તો પણ આ રજૂઆત મારી જેમ અનેકને આનંદ આપશે એવી આશા છે.''

શ્રી કૃષ્ણના ભક્તો પૈકી કેટલાક ભક્તો કૃષ્ણ કરતાં રાધાનો મહિમા વધુ કરતા જણાય છે. રાધા જો રસેશ્વરી છે તો કૃષ્ણ રસેશ્વર હોવાની સાથે યોગેશ્વર છે, પૂર્ણ પુરુષોત્તમ પણ છે. તેમનું વ્યક્તિત્વ વિશાળ અને વ્યાપક છે. તેને એકાદ કૃતિમાં સુપેરે વ્યક્ત કરવું કપરું હોવાથી સુજ્ઞ સર્જકે 'રસેશ્વરી' શીર્ષક દ્વારા સૂચવી દીધું કે આ કૃષ્ણના નિમિત્તે મુખ્યત્વે રાધાની કથા છે.

શ્રી કૃષ્ણની-રાધાની આ કથા છે તો નવલકથા, તેથી આ બે મુખ્ય પાત્રો ઉપરાંત તેમની સાથે સંકળાયેલાં સંખ્યાબંધ ગૌણપાત્રો પણ આલેખાયાં છે. પુરુષ પાત્રોમાં કંસ, ઉગ્રસેન, વસુદેવ, બળરામ, સુદામા, જરાસંઘ, નારદ, નંદ વગેરે ઉલ્લેખનીય છે તો સ્ત્રીપાત્રોમાં દેવકી, જશોદા, રુકિમણી અને રાધાની સખીઓ સુપ્રિયા અને વિશાખા નોંધપાત્ર છે. આ બધાં પાત્રોને લેખકે કલમના બેચાર લસરકાથી જીવંત અને રક્તધબકતાં બનાવ્યાં છે. આ ગૌણપાત્રો મુખ્ય પાત્રોની રેખાઓને ગાઢી કરવામાં ઉપકારક બને છે. કૃષ્ણ અને રાધાનાં પાત્રો અત્યંત પ્રભાવક અને અસરકારક બની શક્યાં છે. નવલકથાનું વાંચન પૂર્ણ કર્યા પછી



લાંબા સમય સુધી તેમને ભૂલી શકાતાં નથી. લેખકે એવી કુશળતાથી આ બંને પાત્રોને ઉપસાવ્યાં છે કે બેમાંથી કયું વધારે ચડિયાતું છે એ કહેવું સરળ નથી. હા, રાધાને શીર્ષકમાં સ્થાન આપી લેખકે તો પોતાનો પક્ષપાત પ્રગટ કરી દીધો છે.

નવલકથાનો ઘટનાક્રમ કારાગૃહથી શરૂ થાય છે અને કૃષ્ણના લીલાસંવરણ સાથે સમાપ્ત થાય છે. કથાવસ્તુને લેખકે પાંત્રીસ પ્રકરણોમાં વિભક્ત કર્યું છે પણ કથાપ્રવાહ સળંગ સાદ્યંત પાણીના પ્રવાહ પેઠે વહેતો લાગે છે. તેમાં ક્યાંય કશો અંતરાય અનુભવાતો નથી. તો અસ્ખલિત રીતે અનાયાસ વહે છે. વિવિધ પ્રકરણોને આપવામાં આવેલાં શીર્ષકો માત્ર વ્યવસ્થા માટે છે, સગવડ માટે છે. એનાથી રસાસ્વાદમાં ક્યાંય અવરોધ અનુભવાતો નથી.

કથાવસ્તુ સૌને સુપરિચિત છે. છતાં 'મહાભારત', 'ભાગવત' અને 'હરિવંશ'માં કેટલીક વિગતોમાં ફેરફાર હશે. રાધાનું પાત્ર જ કૃષ્ણકથામાં પાછળથી ઉમેરાયું છે એમ કહેવાય છે, સ્રોત સાથે 'રસેશ્વરી'ની કથાની તુલના કરવાનો મારો ઉદ્દેશ નથી. યોગેશ્વરજીએ મૂળકથામાં ક્યાં કેટલો ફેરફાર કર્યો અને એનું ઔચિત્ય કેટલું એની તપાસ કોઈ અભ્યાસી કરી શકે. હું તો લેખકે જે નિરૂપણ કર્યું છે એને આધારે મૂલ્યાંકન કરીશ.

નવલકથામાં કથાવસ્તુ કરતાં તેની ગૂંથણીનું, કથાવિન્યાસનું મહત્ત્વ વધુ છે. લેખકે કુશળતાપૂર્વક સિદ્ધહસ્ત નવલકથાની હેસિયતથી કથાવસ્તુની ગૂંથણી કરી છે એ જોઈ શકાય છે. ઘટનાઓ જે ક્રમમાં ઘટી છે એ ક્રમમાં જ લેખક આલેખે છે એવું નથી, આવશ્યકતાનુસાર લેખક ક્રમભંગ પણ કરે છે, કેટલીક ઘટનાઓ પીઠઝબકાર (flahsback) પદ્ધતિથી પણ પ્રસ્તુત કરે

છે. પ્રથમ પ્રકરણનું શીર્ષક છે 'કારાગૃહમાં'. કંસ દ્વારા કારાગૃહમાં કેદી બનેલાં વસુદેવ અને દેવકીનાં વ્યથા અને વિષાદ તેમાં વ્યક્ત થયાં છે. તેની પૂર્વેનો 'ઘટનાક્રમ' દ્વિતીય, તૃતીય તથા ચતુર્થ પ્રકરણમાં આલેખાયો છે. પાંચમા પ્રકરણમાં પ્રથમ પ્રકરણનું અનુસંધાન થાય છે. કંસના કારાગૃહમાં કૃષ્ણજન્મની 'વિસ્મયકારક ઘટના' છેક આઠમા પ્રકરણમાં આલેખાય છે. છઠ્ઠા-સાતમા પ્રકરણમાં તેની પૂર્વભૂમિકા પ્રસ્તુત થાય છે.

કૃષ્ણનો નંદયશોદાના ઘરે ગોકુળમાં 'જન્મોત્વસ' નવમા પ્રકરણમાં ઉજવાય છે. પછીના ત્રણ પ્રકરણોમાં કૃષ્ણની કેટલીક બાળલીલાઓ નિરૂપાઈ છે અને એ દ્વારા 'કૃષ્ણની અસાધારણતા' ઉપસાવાઈ છે.

નવલકથાના શીર્ષકમાં સમુચિતરીતે સ્થાન પામેલી કથાનાયિકા 'રાધાનો મેળાપ' તેરમા પ્રકરણમાં થાય છે. બે અમર પ્રેમીઓના પ્રથમ મિલનમાં રાધાની પ્રિય સખી સુપ્રિયા નિમિત્ત બને છે. બરસાનાની રાધાને ગોકુલમાં રહેતી સખી સુપ્રિયા જ કૃષ્ણ પાસે લઈ આવે છે. યમુનાના પવિત્રજળમાં સ્નાનાર્થે આવેલી રાધાનું મન કૃષ્ણની કામણગારી બંસીનો સુમધુર નાદ સાંભળી મોહિત, મધુમય, મુગ્ધ બની જાય છે.

કૃષ્ણ અને રાધા બંને ચતુર પ્રેમીઓ છે. પ્રથમ મુલાકાતમાં બંને એકમેક પર પ્રેમની ભૂરકી છાંટે છે. બંને એકમેકનાં નામની ભરપૂર પ્રશંસા કરે છે. રાધાને 'કૃષ્ણ' નામ ઓછું આકર્ષક, ઓછું અમૃતમય અને ઓછું આનંદદાયક નથી લાગતું. તે કબૂલ કરે છે, 'એ નામની અંદર કોઈક એવું જાદુ છે જે મનઅંતરને એકદમ મુગ્ધ બનાવે છે ને વશ કરી લે છે.' (પૃ.૧૩૫)



ચતુરશિરોમણિ કૃષ્ણ પણ કહે છે, 'પરંતુ એ જાદુ તારા નામના જાદુ કરતાં વધારે પ્રબળ અને અસરકારક નહિ જ હોય. રાધાના રસમય નામમાં જે સંમોહક શક્તિ સમાયેલી છે તે કૃષ્ણ નામમાં નથી જ. રાધા કોઈ નામ થોડું જ છે ? એ તો એક પરમમધુર, મહાન, મંગલમય મંત્ર છે મંત્ર.' કૃષ્ણ સુપ્રિયાની પણ પ્રશંસા કરે છે અને એને અસામાન્ય સખી કહે છે. ટૂંકમાં પ્રથમ મુલાકાતમાં જ પ્રેમનો પરિપૂર્ણ પ્રગાઢ પ્રબળ પાયો નંખાય છે. પરિણામે પ્રેમનો પ્રસન્ન પ્રાસાદ એવી અનેરી નિર્મિતિ પામે છે કે હજારો વર્ષ પછી પણ એની એક કાંકરી સુદ્ધાં ખરવા પામી નથી.

તેરમા પ્રકરણમાં નાયકનાયિકાનું મધુર મિલન થયા પછી પાંત્રીસમા અંતિમ પ્રકરણ સુધી તેમની પ્રેમકથા અસ્ખલિત વહે છે. તેમના પ્રેમને 'પ્રીતિ' કહેવી કે 'અનુરાગ' કહેવો એની મૂંઝવણ આપણી જેમ લેખકને પણ થાય છે પરંતુ તેઓ તેમાંથી રસ્તો કાઢી લે છે. લીલાપુરુષ શ્રી કૃષ્ણના ૧૨૦ વર્ષના સુદીર્ઘ જીવનમાં લીલાઓનો, નાની મોટી ઘટનાઓનો તો પાર નહોતો. એ બધાનું આ નાનકડી કૃતિમાં નિરૂપણ કરવું શક્ય જ નથી, લેખકને વિવક્ષિત પણ નથી. તેથી કેટલીક મુખ્ય ઘટનાઓ તેમણે આલેખી છે, કેટલીકનો માત્ર નિર્દેશ કર્યો છે. પરંતુ જે કંઈ નિરૂપ્યું છે તેમાં રાધાનો તંતુ પરોવાયેલો જોવા મળે છે. ગોકુળ વૃંદાવનમાં જાતજાતની લીલાઓ કરી, રાસ અને મહારાસ રમી પોતાની પ્રમુખ લીલા. 'કંસનો નાશ' કાજે મથુરાગમન કરતા કૃષ્ણ રાધાની 'વસમી વિદાય' લે છે ત્યાં સુધીમાં એકવીસ પ્રકરણ પૂરાં થાય છે. ૧૩ થી ૨૧ સુધીનાં નવ પ્રકરણો કૃતિનું કેન્દ્ર છે. ત્રણ પ્રકરણોમાં કૃષ્ણ 'કુબ્જાની કાયાપલટ' કરી 'કંસનો

નાશ' કરી ઉગ્રસેનનો અભિષેક કરાવે છે. પચીસમું પ્રકરણ કૃષ્ણબળરામના સાંદીપનિ ગુરુકુળમાં અધ્યયનને આલેખે છે, પણ તેનું શીર્ષક છે 'શુભ સમાચાર !' પ્રકરણમાં પ્રગટપણે કૃષ્ણના સહાધ્યાયી સુદામા સાથેના સ્નેહસંબંધનું આલેખન થયું હોવા છતાં પ્રચ્છન્નપણે રાધાના સ્નેહની સુમધુર શાશ્વત સ્મૃતિ તેમાં પડઘાય છે, અને પછીના પ્રકરણમાં ઉદ્ધવ દ્વારા કૃષ્ણના સ્નેહનો સંદેશો સંપ્રાપ્ત કરી રાધ ધન્ય બને છે. પ્રત્યક્ષ મિલન ન થવા છતાં પરત જતા ઉદ્ધવને રાધા કહે છે : 'કૃષ્ણને કહેજો કે રાધા સુખી છે : શાંત છે : સ્વસ્થ છે : આનંદમાં છે : તને નિરંતર યાદ કરે છે. એને કશું એવું ના કહેશો કે જેથી એ દુઃખી થાય, એની પ્રસન્નતા પળવાર પણ ઊડી જાય.' (પૃ.૨૭૬) આને કહેવાય સાચો સ્નેહ, નિર્મળ નેહ.

રાધાનો સંદેશો સાંભળી કૃષ્ણનું હૈયું પણ હાથ રહેતું નથી, હાલી ઊઠે છે. ઉદ્ધવ આગળ એ કબૂલ કહે છે, 'સાચું કહું તો એવી એક પણ પળ નથી જ્યારે મારા મનમાં એની મનહર મૂર્તિ ના રમતી હોય. મારા હૃદયમાં ને રોમેરોમમાં એનો રસમય રાસ સમાઈ રહ્યો છે.' (પૃ.૨૭૭) કૃષ્ણ રાધાને જરા પણ ભૂલ્યો નથી છતાં વિધિની વિચિત્રતા છે કે એની વિદાય લીધા પછી એની પાસે તે જઈ શકતો નથી. કૃષ્ણના જીવનનો મુખ્ય ઉદ્દેશ તો દુર્જનોનું દમન કરવાનો હોવાથી રસનો રાસ તેને માટે ગૌણ બની જાય છે. ક્રૂર કંસનો નાશ કરવાથી તેનું કાર્ય પૂરું થતું નથી. કંસનો સસરો જરાસંઘ બદલો લેવા ધમપછાડા કરે છે. તે વારંવાર મથુરા પર આક્રમણ કરે છે. કૃષ્ણબળરામ સત્તરવાર તેને હરાવે છે તો યે તેની સાન ઠેકાણે આવતી નથી. તે અઢારમી વાર આક્રમણ કરે તે પૂર્વે કાલયવન મથુરા પર આક્રમણ કરે છે.



કૃષ્ણ તેને યુક્તિપૂર્વક યમસદન પહોંચાડે છે અને પછી જરાસંઘના ત્રાસથી મથુરાને બચાવવા દ્વારકા પહોંચી જાય છે.

દ્વારકાથી મથુરા આવી કૃષ્ણ વૃંદાવન જાય છે. રાધા સાથે તેનું પુનર્મિલન થાય છે. કૃષ્ણ વિદાય માગે છે ત્યારે પરિપક્વ બનેલી રાધા સ્વસ્થતાપૂર્વક કહે છે, 'તું નહિ આવે ત્યાં સુધી તારી હૃદયમૂર્તિનું ધ્યાન ધરીશ, દર્શન કરીશ. મારી ચિંતા ન કરતો. તારા વિયોગની વ્યથામાં મરી નહિ જઉં પરંતુ તારા પુનર્મિલનની આશામાં જીવનનું રસપૂર્વક જતન કરીશ.' (પૃ.૩૧૦)

ત્રીસમા પ્રકરણનું શીર્ષક છે 'રુકિમણી'. રસિકશિરોમણિ કૃષ્ણ અને રૂપસી રાજકુમારી રુકિમણીના પ્રેમપરિણયની કથા અહીં રાધા અને સખીઓના સંવાદરૂપે તેમના દૃષ્ટિબિંદુથી નિરૂપાઈ છે. પછીનું પ્રકરણ છે 'ધન્ય પળ'. રુકિમણીને પહેલીવાર જોતાંની સાથે વિશાખાને તે પરમપ્રેમની મધુમય મૂર્તિ, સૌન્દર્યદેવી લાગે છે. રુકિમણી અને કૃષ્ણના લગ્નના સમાચાર સાંભળી રાધા સખી વિશાખાને કહે છે, 'મારા અંતરની એક જ ઈચ્છા છે કે એમનું લગ્નજીવન ખૂબ ખૂબ સુખી થાય.' (પૃ.૩૨૬) અને રુકિમણી સાથે લગ્ન થયા પછી કૃષ્ણ તેની આગળ રાધાના પ્રેમની વાત કરે છે. એ સાંભળ્યા પછી રુકિમણી રાધાના દર્શનની ઈચ્છા પ્રગટ કરે છે એટલું જ નહિ 'એનાં દર્શનની પળ મારા જીવનની ધન્ય પળ હશે' એમ પણ કહે છે. રુકિમણીના શબ્દો કૃષ્ણને સુખદ લાગે છે. છેલ્લા વાક્યમાં લેખક લખે છે, 'એની શ્રવણપળ એમને જીવનની ધન્ય પળ લાગી.' (પૃ.૩૨૯) વિશ્વના સમગ્ર કથાસાહિત્યમાં ક્યાંય આવી ધન્ય પળનું આલેખન જોવા મળે ?

બત્રીસમા પ્રકરણમાં 'સ્યમંતક મણિ'ને મિષે કૃષ્ણની પરાક્રમગાથા અને જામ્બવતી તથા સત્યભામા સાથેના મેળાપની કથા સંક્ષેપમાં સાંપડે છે. એ પ્રકરણનું અંતિમ વાક્ય આ છે : 'એમની અંતરઆંખ આગળ રાધા રમવા માંડી.' (પૃ.૩૪૧). પછીના પ્રકરણનું શીર્ષક તો છે 'સુદામાનો મેળાપ', પણ એમાં આરંભે તો રુકિમણીના પ્રશ્ન 'તમે રાધાને નથી ભૂલી શકતા ?' ના ઉત્તરમાં કૃષ્ણ પ્રિય પત્ની પાસે પોતાના પ્રથમ પ્રેમની કબૂલાત કરતાં કહે છે, 'રાધા તો મારું જીવન છે, મારો પ્રાણ છે.' (પૃ.૩૪૨). આવી કબૂલાત સાંભળી સામાન્ય પત્ની તો ઈર્ષ્યાની આગમાં સળગી જાય પણ રુકિમણી સામેથી કહે છે, 'રાધાના હૃદયને હું જાણું છું અને એટલે જ એને તમે ભૂલેચૂકે પણ ભૂલી જાવ એવું નથી ઇચ્છતી. એ તો એક દેવી છે, મહાદેવી. આપણી પૃથ્વી પર સ્ત્રીઓ મળે છે પરંતુ રાધાઓ નથી મળતી. રાધા તો અપવાદરૂપ જ છે.'

રુકિમણીના શબ્દોનું સમર્થન કરતાં કૃષ્ણ કહે છે, 'મારા જીવનમાં મેં બીજી રાધા નથી જોઈ. એવો પ્રેમ, એવી પવિત્રતા, એવી ભાવના, એવી દૃષ્ટિ અને લાગણી બીજા કોઈનામાં નથી જોઈ. હું એને યાદ કરું કે ના કરું તોપણ મારા જીવનમાં એ અમર છે ને અમર રહેશે.' (પૃ. ૩૪૩)

પ્રસ્તુત પ્રકરણમાં પ્રાગ્જ્યોતિષપુરના રાજા ભૌમાસુર પાસેથી તેણે બળજબરીથી ગોંધી રાખેલી સોળ હજાર કન્યાઓને કૃષ્ણ કેવી રીતે મુક્ત કરે છે એ દર્શાવ્યું છે. દ્રૌપદી સ્વયંવર, જરાસંઘ વધ, પૌંડ્ર વાસુદેવનો નાશ વગેરે ઘટનાઓનો નિર્દેશ માત્ર થયો છે. સુદામા સાથેના સંવાદોમાં સ્વાભાવિક રીતે જ રાધાની સ્મૃતિઓ સળવળે છે.



ચોત્રીસમા પ્રકરણમાં કૃષ્ણ પુનઃ વૃંદાવનમાં જઈ સૌ સ્વજનોને તથા સુહૃદોને સ્નેહપૂર્વક મળે છે અને રુકિમણીનો રાધા સાથે મેળાપ કરાવે છે. રુકિમણી રાધાને દ્વારકા આવવા આમંત્રે છે ત્યારે તે કહે છે કે કૃષ્ણથી તે એક ક્ષણ માટે પણ છૂટી નથી પડતી, સ્વપ્નમાં પણ નહિ. પોતે સર્વત્ર કૃષ્ણની સંનિધિ અનુભવે છે એમ જણાવી તે કહે છે, 'મારા જીવનમાંથી કૃષ્ણને કાઢી નાખો તો એમાં કશું જ નહિ રહે.' (પૃ.૩૫૬). આમ હોવા છતાં તે વૃંદાવન છોડી દ્વારકા જવા, અરે સ્વર્ગમાં જવા પણ તૈયાર થતી નથી. કૃષ્ણના પ્રારંભિક જીવનની વિવિધ સ્મૃતિઓ સાથે સંકળાયેલો એ પ્રદેશ તેને અલૌકિક લાગે છે. સુપ્રિયા જ્યારે તેને પૂછે છે કે વૃંદાવન તને કૃષ્ણ કરતાં પણ વધારે પ્રિય છે ત્યારે તે સ્પષ્ટતા કરે છે, 'વૃંદાવનમાં કણકણમાં કૃષ્ણ છે. એ બંને ઓતપ્રોત છે.' (પૃ.૩૫૮)

રાધાને વૃંદાવનમાં મળી કૃષ્ણ પાછા દ્વારકા આવે છે ત્યાંથી માંડી તેઓ પોતાની લીલા સંકેલી લે છે ત્યાં સુધીની સઘળી ઘટનાઓને લેખકે છેલ્લા પ્રકરણમાં સંક્ષેપમાં નિર્દેશી છે. મહાભારતનું યુદ્ધ, ત્યાર પછી છત્રીસ વર્ષ બાદ યાદવાસ્થળી. યાદવોનો નાશ, બળરામની સમાધિ પછી કૃષ્ણ વ્યાધના બાણથી ઘાયલ થઈ પુણ્યપ્રદ પ્રભાસ ક્ષેત્રમાં પીપળાના વૃક્ષ નીચે લીલા સંવરણ કરે છે. રુકિમણી સતી થાય છે. રાધા પણ દેહત્યાગ કરે છે. કૃષ્ણ અને રાધાનાં શરીર એક જ દિવસે શાંત થાય છે. સખી સુપ્રિયા ભાવવશ બની બોલે છે, 'રાધા પ્રેમની મહાદેવી હતી, પ્રત્યક્ષ પ્રતિમા. ભવિષ્યની પૂજા રાધા નામની રસમૂર્તિ, પવિત્રતાની પ્રતિમા, કૃષ્ણપ્રેમી સુકુમારી આ પૃથ્વી પર પ્રકટેલી એની કલ્પના પણ કદાચ નહિ કરી શકે.' (પૃ.૩૬૮)

જોઈ શકાશે કે લેખકે કૃષ્ણ અને રાધાને કેન્દ્રમાં રાખી તેમની જીવનકથા નિમિત્તે રસમય પ્રેમકથા સર્જી છે. આ શરીર સાથે સંકળાયેલો સ્થૂળ પાર્થિવ પ્રેમ નથી પણ આત્મિક અપાર્થિવ, અલૌકિક અને અમર પ્રેમ છે. વિશ્વના ઈતિહાસમાં આ અમર પ્રેમકથાનો જોટો જડી શકે તેમ નથી. ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણના જીવનને કેન્દ્રમાં રાખી સંખ્યાબંધ નવલકથાઓ મહાનવલો લખાઈ છે પણ રાધાકૃષ્ણની પ્રેમકથા નિમિત્તે રસેશ્વરી રાધાની રસપ્રદ રમ્યકથા અન્યત્ર ભાગ્યે જ જોવા મળશે.

કથાવસ્તુની રમ્યતા, રહસ્યમયતાને અનુરૂપ શિષ્ટ, સંયમી, સુચારુ ભાષાશૈલી લેખકે સામર્થ્યપૂર્વક પ્રયોજી છે. કથાનો આરંભ આ શબ્દોથી થાય છે : 'કંસના ક્લેશયુક્ત, કરાળ, કૃતાંતના નિવાસસ્થાન જેવા કારાવાસમાં વિરાજેલા વસુદેવ પોતાના બંધનથી ઝકડાયેલા જીવનને ભારે વેદનાપૂર્વક જેમતેમ કરીને પસાર કરી રહેલા.' (પૃ.૧)

એક ઉચિત દૃષ્ટાંત દ્વારા વસુદેવની મનઃસ્થિતિ લેખક દર્શાવે છે : 'વનના વિવિધ પ્રદેશોમાં વિહરનારા પ્રસન્ન પંખીને પાશવતાપૂર્વક પકડીને પીંજરામાં કેદ કરવામાં આવે તો તેને પ્રથમના જેવો ઉલ્લાસ ક્યાંથી મળી શકે ?' (પૃ.૨) લેખક વસુદેવની મનઃસ્થિતિ દર્શાવે છે પણ દેવકીનાં તો રૂપગુણ પણ વર્ણવે છે : 'દેવકન્યા જેવી દૈવી યોગ્યતાવાળી દેવકીના દિલને જીતવાનું કામ કાંઈ સહેલું ન હતું.' એમ કહી લેખક લખે છે, "દેવકી અનેકના અનુરાગથી આપ્લાવિત અંતરનું આકર્ષણ



કરતી પરંતુ એનું અસાધારણ સંસ્કારસુમનથી સુવાસિત અંતર કોઈની પણ પ્રત્યે આકર્ષણનો અનુભવ ના કરતું." (પૃ.૧૬) કારાગૃહમાં મધરાતે જન્મેલા કૃષ્ણનો 'જન્મોત્સવ' ગોકુલમાં બીજા દિવસે ઉજવાય છે ત્યારે ગોકુળવાસીઓ અંગે લેખક લખે છે, 'નંદને ત્યાં પહોંચીને એ સુંદરતાના સંપુટસરખા શિશુનું દર્શન કરીને સૌનાં અંતર નેહભરેલાં નર્તન કરવા લાગ્યાં.' (પૃ.૯૩) પ્રકૃતિ પણ જન્મોત્સવના આનંદમાં સહભાગી થાય છે. લેખકે વર્ણન કર્યું છે : 'ગોકુલની ગોદમાં થઈને વહી જતી યમુના વધારે મંગલમય અને આહ્‌લાદક લાગવા માંડી. કુંજનિકુંજમાં પંખીઓ કૂજન કરવા લાગ્યાં. એ પણ જાણે કે કૃષ્ણનો જન્મોત્સવ ઊજવી રહેલાં. પવનની પ્રસન્ન લલિત લહેરો ચારે તરફ સુમધુર ચિત્તાકર્ષક લાસ્યનૃત્ય કરતી ફરવા માંડી. વૃક્ષોએ, વલ્લરીઓએ તથા પુષ્પોએ નવા રસરંગ ધારણ કર્યાં.' (પૃ.૯૭) આ વર્ણનો લેખકના ભાષાપ્રભુત્વના નિદર્શક છે.

લેખકની ભાષાશૈલી સંદર્ભે નોંધવું જોઈએ કે તેમને નવલકથામાં યથાવકાશ ચિંતનકણિકાઓ વેરવાનો શોખ છે. જ્યાં તક મળે ત્યાં તેઓ ચિંતનકણિકા મૂકી દે છે. થોડાક નમુના જોઈએ. 'સુખ ને દુઃખ તો જીવનમાં આવ્યા જ કરે છે. સંસાર અને એની અંદરનું જીવન છે જ સુખદુઃખ અને શુભાશુભના સંમિશ્રણરૂપ.' (પૃ.૮) 'સંસારરથનાં બંને પૈડાં સ્ત્રી અને પુરુષ એક શરીરના બે નાસિકાછિદ્રો જેવાં કે ડાબાજમણા હૃદય જેવાં છે, એમના સંવાદમાં જ શક્તિ, સુખાકારી, સમૃદ્ધિ અને શાંતિ સમાયેલી છે.' (પૃ.૫૮) 'સંયોગ અને વિયોગ જીવનમાં તાપ

તથા છાયાની પેઠે, રાત અને દિવસની જેમ આવ્યા કરે છે; રાધા ! એ નિસર્ગનો નિયમ છે. સર્જન સારું પરિવર્તનશીલ છે ને એમાં ઉત્પન્ન થનારું બધું જ વિકારવશ. એનો હર્ષશોક ના કરવાનો હોય.' (પૃ.૧૭૭) 'જીવન છે જ અનુકૂળતાઓ ને પ્રતિકૂળતાઓ, સુખ ને દુઃખ, હર્ષ ને શોક, સંકટો ને સરળતાઓ, ઐશ્વર્ય અને અનૈશ્વર્ય અને સ્વસ્થતા અથવા અસ્વસ્થતાના સમુચ્ચયરૂપ. એમાં બધું એકસરખું નથી હોતું. એ વિરોધ કે વિરોધાભાસોથી ભરેલું છે. એમાં આનંદપૂર્વક સ્વસ્થતા સાથે જ જીવવાનું છે.' (પૃ.૨૫૦) 'જીવના મોટા ભાગના દુઃખનું કારણ એ પોતાના સ્વરૂપને ઓળખતો નથી અથવા પરમાત્માને પ્રેમ નથી કરતો તે છે. પરમાત્મા સાથેના પોતાના શાશ્વત સ્નેહસંબંધને એ તાજો કરે તો સુખી થાય, શાંતિ પામે ને દરિદ્રતામાંથી મુક્તિ મેળવે.' (પૃ.૩૪૯)

આ ચિંતનકણિકાઓની વિશેષતા એ છે કે એ મોટેભાગે પાત્રોની ઉક્તિરૂપે સંવાદોમાં ગૂંથાઈને આવે છે. તેથી જે તે પાત્રના આલેખનમાં ઉપકારક સિદ્ધ થાય છે અને લટકણિયારૂપ લાગતી નથી. નવલકથાના પ્રવાહમાં તે સરળતાથી સંમિશ્ર થઈ જાય છે.

લેખકની સંવાદશક્તિ પણ પ્રશસ્ય છે. પાત્રોના વ્યક્તિત્વને અનુરૂપ સંવાદો તેઓ સહજતાથી સર્જી શકે છે. કેટલાક સંવાદો ટૂંકા, ચોટદાર અને નાટ્યાત્મક છે. દ્વિતીય પ્રકરણમાં પ્રાપ્ત થતો વસુદેવદેવકી વચ્ચેનો સંવાદ કે બારમા પ્રકરણમાં સાંપડતો કૃષ્ણ યશોદા વચ્ચેનો સંવાદ દૃષ્ટાંત લેખે નિર્દેશી શકાય. તેરમા-ચૌદમા પ્રકરણોનો કૃષ્ણ-રાધા વચ્ચેનો રસિક સંવાદ પણ



આહ્લાદક છે. રાધાના તેની સખીઓ સાથેના સંવાદો પણ પાત્રાનુરૂપ પ્રસંગોચિત પ્રસન્નમધુર છે.

નવલકથામાં પરિવેશ અર્થાત્ વાતાવરણનું પણ મહત્ત્વનું સ્થાન છે, ઐતિહાસિક અને પૌરાણિક નવલકથામાં તો સવિશેષ. લેખક જો થોડો પણ કાચો હોય અને નાની અમથી ભૂલ કરી બેસે તો પણ રસક્ષતિ થયા વિના ન રહે. મુખ્યત્વે ઐતિહાસિક અને પૌરાણિક નવલકથાઓના લેખક યોગેશ્વર એ અંગે તો પૂરતા સભાન હોવાથી તેમની આ રચનામાં એવી ક્ષતિ દૃષ્ટિગોચર થતી નથી. દ્વિતીય પ્રકરણમાં તત્કાલીન વાતાવરણને તેમણે સંક્ષેપમાં પણ સુપેરે ઉપસાવી આપ્યું છે. 'મહારાસ' પ્રકરણમાં વૃંદાવનમાં યમુનાતટ પર શરદપૂર્ણિમાની રાતે કૃષ્ણગોપીઓ વચ્ચે રચાયેલા મહારાસના રમ્ય વાતાવરણને તેમણે થોડાક શબ્દોમાં જ તાદૃશ ખડું કર્યું છે. તેમની વાતાવરણ નિર્માણ શક્તિ અને ભાષાશૈલીના નિદર્શન માટે થોડાંક વાક્યો જોઈએ :

"યમુનાના યશસ્વી પ્રશાંત તપઃપૂત તટપ્રદેશ પર શરદપૂર્ણિમાનો પાવન પ્રકાશ પથરાઈ રહેલો. પ્રકાશનાં એ કોટી કિરણોની મદદથી અમરાપુરીમાંથી નીચે ઊતરીને દેવાંગનાઓ જાણે કે ગોપીઓના રૂપમાં યમુનાતટ પર ટોળે વળી હોય એવું લાગતું. એ આખું ય દૃશ્ય અતિશય આકર્ષક અને અવર્ણનીય હતું. સમસ્ત વાતાવરણ અવનવીન, અનેરું અને આહ્લાદક લાગતું. એ વાતાવરણને અધિક આહ્લાદકતા અર્પણ કરતા હોય તેમ કૃષ્ણે એકાએક પોતાની વાંસળી વગાડી. એ વાંસળી ન હતી, આત્માનુસંધાનનું અનેરું આમંત્રણ હતું. અક્ષરલોકની અલૌકિક સંદેશવાહિની. એના સુધાસભર સ્વરોમાં

હૃદયનો રાગ હતો, એમના હૈયાના ધબકાર હતા, અને એમના અસાધારણ આત્માના આલાપ.'' (પૃ.૨૦૯)

અહીં જોવા મળતી ભાષાની શિષ્ટતા, ગરિમાનું લેખકે કૃતિમાં સાદ્યંત નિર્વહણ કર્યું છે. કૃતિનાં ઉદાત્ત વસ્તુ, વાતાવરણ અને પાત્રોને તે અનુરૂપ હોઈ ખટકતું નથી. પરંતુ 'અથવા' અને એના પર્યાય 'કે'નો કૃતિમાં થયેલો અતિ ઉપયોગ ક્યાંક ક્યાંક રસક્ષતિકારક લાગે છે. દ્વિતીય પ્રકરણમાં વસુદેવ-દેવકીના સંવાદનો ઉપર ઉલ્લેખ કર્યો. વસુદેવ દેવકીને સૌથી અધિક સુખદ, સુમધુર વસ્તુ કઈ તે પૂછે છે અને દેવકીના પ્રતિપ્રશ્નના પ્રત્યુત્તરમાં પોતે જ કહે છે, 'તારું મુખ અથવા તો તારું રૂપ.' (પૃ.૨૦) દેવકી પણ વસુદેવને કહે છે, 'અને તમારું મુખ પણ ઓછું અમૃતમય અને આશીર્વાદરૂપ નથી લાગતું ? એ કેટલું બધું અદ્‌ભુત અથવા આનંદજનક અને અનેરું છે એ તો મારું અંતર જ જાણે છે.' (પૃ.૨૧) તેમના હસ્તમેળાપની ક્ષણ વિશે લેખક લખે છે. 'એ ક્ષણો કેટલી બધી સુખદ, સ્વર્ગીય કે સ્મરણીય થઈ પડી ?' (પૃ.૨૧)

આ ઉદાહરણોમાં 'અથવા' અને 'કે'નો પ્રયોગ સુભગ લાગતો નથી. સમગ્ર કૃતિમાં આવાં સ્થાનો સંખ્યાબંધ છે. પરંતુ આવા અપવાદને બાદ કરતાં એકંદરે 'રસેશ્વરી'ની રસપ્રદ કથાસૃષ્ટિ આહ્‌લાદક અને આનંદદાયક છે. રસેશ્વરી રાધાની રમ્ય રસિક રમણીય કથા આસ્વાદ્ય અને આવકાર્ય છે, અભિનંદનીય છે, અભિવંદનીય છે.

—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ



# ॥ 'આગ' સામે અક્ષત રહેતી કલા ॥

સંત સાહિત્યકાર યોગેશ્વરજીકૃત 'આગ' જીવનલક્ષી સંદેશ પ્રબોધતી સામાજિક નવલકથા છે. તેમાં એક મૂલ્યનિષ્ઠ આદર્શ ચિત્રકલાકારના જીવનનું કલાત્મક આલેખન થયું છે.

સર્જકની માંગલ્યદર્શી કૃતિ 'આગ' તેના શીર્ષક અંતર્ગત આગ શબ્દની અનેક અર્થછાયાઓ પ્રગટ કરે છે. તે કલાના આદર્શનો વિશિષ્ટ સારસંદેશ ૨૮ પ્રકરણો અને ૩૫૩ પૃષ્ઠોમાં નિરુપે છે.

પ્રસ્તુત નવલકથામાં એક કલાકારની જીવનવિષયક વિભિન્ન પ્રકારની વિચારધારાઓનું પ્રતિબિંબ ઝિલાયું છે. સતત જાગ્રત અને ધ્યેયરત, નખનિખ નિર્મળ કલાકારને પોતાના આદર્શોની સિદ્ધિ માટે જીવનમાં કેવા કેવા સારાનરસા પ્રવાહોમાંથી પસાર થવું પડે છે ? તે પરિસ્થિતિઓનું સચોટ રેખાંકન તેમાં રજૂ થાય છે.

સમગ્ર કથામાં ત્રણ કેન્દ્રિય પાત્રો છે. ચિત્રકલાકાર શિવકુમાર, પલ્લવી અને માયા અન્ય સહાયક પાત્રો તરીકે કાશીનાથ, રામનારાયણ પ્રીતમલાલ, સિદ્ધપુરુષ શાંતિનાથ અને સેવક કેવલસીંગ છે.

લેખકે કથાની પૃષ્ઠભૂમિ તરીકે ઉત્તરાંચલના પ્રસિદ્ધ શહેરો દિલ્હી, હરિદ્વાર (ઋષિકેશ) દહેરાદૂન અને મસૂરીને પસંદ કર્યા છે.

મહત્ત્વાકાંક્ષી અને પ્રવાસપ્રિય શિવકુમારના પ્રવાસથી કથાનો પ્રારંભ થાય છે. તે દિલ્હીથી દહેરાદૂન તરફ જતી

ગાડીનો પ્રવાસી છે. ગાડીની તેજ ગતિને સમાંતરે તેના ચિત્તમાં અનેક સંવેદનોની સૃષ્ટિ સર્જાય છે. નિદ્રા એકદમ ગાયબ છે !

કલાગુરુ કાશીનાથની આકર્ષક, ઓજસ્વી, શાંત આકૃતિ તેના મનોપ્રદેશમાં આવી ઊભી રહે છે.

શિવકુમારે બાળપણમાં જ માતાપિતાનું છત્ર ગુમાવ્યું હતું. બનારસમાં મામાને ઘરે તેનો ઉછેર થયો હતો. ચિત્રકલા પરની વિશેષ અભિરુચિને લઈને તે કલાગુરુ કાશીનાથના સંપર્કમાં આવે છે. તેમની વિશાળ ચિત્રશાળાને તે વિદ્યાર્થી બને છે. તેની યોગ્યતા, ચરિત્ર અને સત્ત્વશીલતાથી પ્રભાવિત કાશીનાથ પુત્રવત્ સ્નેહ રાખે છે. સૌ તેને કાશીનાથના પટ્ટશિષ્ય તરીકે ગણે છે. તે શુદ્ધકલાનો સાચો સાધક-ઉપાસક છે.

કાશીનાથ મૂળ પંજાબના પણ દિલ્હીને તેમણે કર્મભૂમિ બનાવેલી. તે મહાન ચિત્રકાર હતા. ચાંદની ચોકની બાજુમાં એમનું વિશાળ નિવાસસ્થાન અને સુંદર, આકર્ષક ચિત્રશાળા હતી. શિવકુમારે કાશીનાથના પથપ્રદર્શનનો લાભ મેળવી એ કળામાં પોતાને સાંપડેલા નૈસર્ગિક સંસ્કારોને વિકસાવી અદ્‌ભુત સિદ્ધિ મેળવી. ગુરુથી પણ સવાયો કલાકાર બન્યો.

તેણે બુદ્ધના ગૃહત્યાગનું આબેહૂબ, પ્રસંગાનુરૂપ ભવ્ય ચિત્ર બનાવેલું. કાશીનાથની ચિત્રશાળામાં અત્યારસુધી મંત્રમુગ્ધ કરી દેનાર સર્વશ્રેષ્ઠ ચિત્ર તરીકે કાશીનાથે તૈયાર કરેલ નટરાજનું તૈલચિત્ર હતું. કલાસાધનાની સર્વોત્તમ રચના સમા તેને અનેક ઈનામો મળેલા. કાશીનાથે તે કૃતિને બાજુ પર રાખી જાહેર કર્યું કે, ''આ ચિત્રશાળાના હવે પછીના સર્વોત્તમ ચિત્ર તરીકે 'બુદ્ધના ગૃહત્યાગ'નું ચિત્ર રહેશે. જે સૌથી આદરપાત્ર ને સૌ કોઈને પ્રેરણા પાશે.'' ગુરુ તરીકે શિવકુમારી કળાનું બહુમાન



કરતાં તે આવા સર્વશ્રેષ્ઠ શિષ્યની પ્રાપ્તિની ધન્યતા-ગૌરવ અનુભવે છે.

સમયાન્તરે અભ્યાસકાળ પૂરો થતાં શિવકુમાર કાશીનાથને વિદાય આશિષ આપવા અનુરોધ કરે છે. સ્મરણદક્ષિણારૂપે સુંદર ભરતકામવાળી કીંમતી શાલ તે કલાગુરુને અર્પણ કરે છે. સાથે રહેલા રોકડ રકમના કવરને પરત કરતાં ગુરુ કહે છે, ગુરુદક્ષિણામાં તેં તો મને ઈચ્છાનુસાર વસ્તુ આપી પણ મારેય તને કશુંક આપવું છે. 'તું તારી સતત શ્રમપૂર્વકની સાધનાથી પરિપૂર્ણતા પર પહોંચી ચૂક્યો છે. તો તને પણ વિશેષ આપવા માગું છું.'

તૈત્તરીય ઉપનિષદમાં કહ્યું છે : સ્વાધ્યાયમાં પ્રમાદ ના કરવો. કલાનો અભ્યાસ કદી પૂરો થતો નથી. આજીવન ચાલતો રહેવો જોઈએ.

'હું તને જીવનોપયોગી સંદેશ આપું છું. એ સંદેશ નૂતન નથી છતાં સર્વોપયોગી તથા સનાતન છે. દેશમાં શબસરખી નિષ્પ્રાણ નહિ, શિવસ્વરૂપ જનતા જોઈએ. કલા એમાં મદદ કરી શકે. કલાકારોનો ધર્મ ધાર્યા કરતાં ઘણો મોટો છે. કલા દ્વારા એ આત્માનંદનો અનુભવ કરવાની સાથે સાથે જનતામાં શુભ ભાવો ને વિચારોનો પ્રસાર કરી શકે છે. તું એવા લોકોપકારક મહાન કાર્યને તારી કલા દ્વારા કરતો રહીશ એવી આશા રાખું છું.' શિવકુમારની સંમતિ મળતાં કાશીનાથ આગળ કહે છે, 'તારી કલાનો ઉપયોગ ધનપ્રાપ્તિને માટે જ ના કરતો. કલાના ક્ષેત્રમાં આવતાં શરીરસુખ, પ્રતિષ્ઠા તથા મિથ્યાભિમાનનાં તેમ જ બીજાં પાર વિનાનાં નાનાં મોટાં પ્રલોભનોની આગળ અચળ રહેજે.' તારી સમગ્ર શક્તિ ને તારા સઘળા સમયનો સદુપયોગ

કરીને તારી કલાથી બીજાને તૈયાર કર તેમ જ પ્રેરણા, ચેતના ને શાંતિ ધર. દીપથી દીપને જલતા કર.' ગુરુના આ શબ્દો તેના અંતરમાં અવનવી પ્રેરણા ધરે છે.

શિવકુમાર સ્વતંત્ર ચિત્રશાળાનું નિર્માણ કરવા ચાહે છે. ગુરુની અનુજ્ઞા ને આશિષ પણ મેળવે છે. કાશીનાથ આ જ ચિત્રશાળાનો લાભ લઈ ધારેલું કાર્ય કરી શકવાનું સૂચન કરે છે તો શિવકુમાર કહે છે 'હું તમારો ઋણી છું. પરંતુ સંજોગોને અનુસરીને મારે બહારગામ જવાનો નિર્ણય કરવો પડ્યો છે. મારું મન તમારી પાસે જ રહેશે. જ્યારે પણ આવશ્યકતા જણાય મને નિઃસંકોચ જણાવજો હું તત્કાળ હાજર થઈશ.'

મસૂરીમાં પોતાની ચિત્રશાળા ઊભી કરવાની ઇચ્છા પર કાશીનાથ તેને સચેત કરતાં જણાવે છે કે, 'મસૂરી હવાખાવાનું ને ભોગવિલાસનું પશ્ચિમી ઢબનું શહેર મનાય છે. તારે ખૂબ સંભાળપૂર્વક રહેવું પડશે. માનવના મનને મોહિત અને પરવશ કરનારાં પ્રલોભનો ત્યાં પ્રચુર પ્રમાણમાં હશે.' શિવકુમાર પ્રત્યુત્તરમાં કહે છે, 'ભોગો, વિષયો, માદક રૂપરંગો ને પ્રલોભનો મને કશું જ નહિ કરી શકે. તમારું પારદર્શક શુદ્ધ ચરિત્ર ને આદર્શ પ્રાતઃસ્મરણીય જીવન હંમેશાં મારી દૃષ્ટિ સમક્ષ રહેશે. મને પ્રેરણા પાશે. તેથી ગમે તેવા પ્રખર અંતરાયો વચ્ચે પણ મારી સ્વાભાવિક રક્ષા થતી રહેશે. હું તમારા આદર્શ પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરીશ. કલાગુરુ ફરી કહે છે; 'કલાનો પંથ પાવકની જ્વાળાથી ભરેલો છે. એની ઉપર સાવધાનીથી પગલાં ભરવા પડે છે.'

આવાં આવાં સંસ્મરણોની હારમાળા પુરપાટ દોડતી રાત્રિની ગાડીમાં શિવકુમારને ઘેરી વળે છે. ત્યાં જ તેનાં સ્મરણપટ પર



બીજી એક વ્યક્તિની સંવેદનશીલ આકૃતિ દેખાઈ રહે છે. તે છે પલ્લવી.

પલ્લવી કલાગુરુની એકમાત્ર પુત્રી છે. તેની પ્રથમ મુલાકાત શિવકુમારને ચિત્રશાળામાં જ થઈ હતી.

કાશીનાથે શિવકુમારને કલાકારનો આદર્શ આપ્યો હતો કે, 'કલા દ્વારા પોતાના આત્માને ઉપર ઉઠાવી, અલૌકિક, અસાધારણ કરી, બીજાના આત્માને અનુપ્રણિત કરીને ઊર્ધ્વગામી થવાનો અવસર આપવાનો.' —આ પાઠને અનુસરીને તે કલાની સાધના કરતો હતો.

ત્યાં તેના જીવનમાં ગુરુપુત્રી પલ્લવી પરીક્ષા બની પ્રવેશે છે. તેને ચિત્રકળામાં રસ છે. શિવકુમારના ચિત્રોથી તે મુગ્ધ છે. પિતાની આજ્ઞાથી શિવકુમાર પાસે ચિત્રકળામાં માર્ગદર્શન માટે તે અવારનવાર આવતી. ગુરુઆજ્ઞાથી અવગત તે તેને ઉદાત્તભાવે પથપ્રદર્શન કરતો. પલ્લવીએ એના નિદર્શન હેઠળ રાધાકૃષ્ણ, કચદેવયાની અને શિવપાર્વતીના સુંદર ચિત્રોનું નિર્માણ કરેલું. કલાનિમિત્તે શિવકુમારના વધુ સંપર્કે તેનાથી પ્રભાવિત પલ્લવી તેના પ્રત્યે પ્રબળ પ્રણયભાવથી આકર્ષાય છે અને અને લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. કલાના ક્ષેત્રમાં સાવધ નાયક આવા મિથ્યા, વાસનાજન્ય આવેગોને વશ નથી થતો. તે કહે છે-'સમાજ આપણી પાસેથી ઉત્તમ વ્યવહારની અપેક્ષા રાખે છે. મારો તારા પ્રત્યેનો ભાવ વાસનારહિત, પવિત્ર અને નિઃસ્વાર્થ છે. હું તને બહેન જ માનું છું અને માનતો રહીશ.' તેમ છતાં નિરંકુશ પ્રેમપ્રવાહમાં તણાતી પલ્લવી એક જ રાગ આલાપતી કહે છે, 'પાર્વતી શંકરને મેળવશે.' (પોતાને તે પાર્વતી, રાધા ને દેવયાનીનું પ્રતીક માને છે.) શિવકુમારનું મન પવિત્ર અને સ્પષ્ટ

હતું. તેનું ધ્યેય માત્ર કલાસાધના જ છે. બન્ને વચ્ચે વાક્યુદ્ધ થાય છે. સંતાનપ્રેમવશ કાશીનાથ પણ શિવકુમાર સમક્ષ પલ્લવીના જીવનસાથી બનવાનો પ્રસ્તાવ મૂકે છે. શિવકુમાર તેનો સવિનય અસ્વીકાર કરે છે. ને વિદાયની તૈયારી કરે છે. પલ્લવી કહે છે મારા પિતાની આ ચિત્રશાળા તમારા માટે જ છે. તો તે સ્વતંત્ર-સ્વાશ્રયી પોતાની જ ચિત્રશાળા ઊભી કરવાનો સંકલ્પ જાહેર કરે છે. જતાં જતાં પલ્લવીએ કહ્યું, 'હું પાર્વતીની પેઠે પ્રતીક્ષા કરતી રહીશ.' ઉત્તરમાં તેણે કહ્યું, 'તારી પ્રતીક્ષા પ્રતીક્ષા જ રહેશે.'

મસૂરીમાં એકરાત્રે તેને સ્વપ્નમાં પલ્લવી દેખાય છે. સુંદર સાડી પહેરી હાથમાં પુષ્પમાળા લઈ તે પરાણે શિવકુમારને પહેરાવવા અધીર છે. શિવકુમાર પાછો હઠે છે ને પલ્લવીના હાથથી માળા નીચે પડી જતાં પગ નીચે છુંદાઈ જાય છે. તેથી ક્રોધે ભરાઈ બેકાબુ પલ્લવી શ્રાપ આપે છે. પરસ્પર શ્રાપ અપાય છે. કાશીનાથની દરમિયાનગિરિથી બન્ને શ્રાપને પાછો ખેંચે છે.

શિવકુમાર દહેરાદૂનથી, હરિદ્વાર ઋષિકેશ આવે છે. ત્યાં નાથ સંપ્રદાયના સિદ્ધપુરુષ શાંતિનાથનો મેળાપ થાય છે. શિવકુમાર તેમનાથી ખૂબ આકર્ષાય છે. તે ત્રિકાળજ્ઞાની છે. પલ્લવી પ્રત્યે પોતે કરેલો વ્યવહાર યોગ્ય હતો ? તેમ પૂછતાં શાંતિનાથ કહે છે, 'તારું વર્તન બરાબર હતું. આમ જ અંતરાત્મા અને આદર્શને વફાદાર રહેજે. ક્ષુલ્લક આકર્ષણોથી બચજે. કલાનું ક્ષેત્ર તો જ વિશદ અને પ્રશસ્ય રહી શકે.' તેઓશ્રી આશીર્વાદ આપતાં કહે છે : તમને મસૂરીમાં સારા યજમાન મળી રહેશે.

બન્યું પણ તેમ જ. સંતપુરુષના સમાગમની સાથે



ઋષિકેશના માયાકુંડ પર મસૂરીના એક પ્રતિષ્ઠિત વેપારી રામનારાયણનો પરિચય તેને થાય છે. સજ્જન રામનારાયણ શિવકુમારને મસૂરીમાં પોતાને ત્યાં અચૂક આવવા જણાવે છે.

દહેરાદૂનથી મસૂરી જતી બપોરની બસમાં શિવકુમાર બેસે છે. તેમાં મસૂરીના કાપડના વેપારી પ્રીતમલાલનો સંપર્ક થાય છે. એ વેપારીને ચિત્રકળામાં રસ છે.

નાયક મસૂરી આવી ત્યાંની રોક્ષી હૉટલમાં ઉતરે છે. પછી તે રામનારાયણને ત્યાં જાય છે. પ્રસન્નતાથી પુલકિત થતા રામનારાયણ 'હૉટલનું વાતાવરણ ખૂબ જ વિચિત્ર હોય છે. તમારા જેવા શાંતિપ્રિય, સાત્ત્વિક પ્રકૃતિના કલાકારને એ વાતાવરણમાં નહિ ફાવે' એમ કહી આગ્રહપૂર્વક પોતાના ઘરે જ રહેવાનો અનુરોધ કરે છે.

રામનારાયણના પરિવારમાં પત્ની રાગિણી અને સંતાનમાં શરદ અને માયા છે. બન્ને બાળકોને ચિત્રકળામાં સારો રસ છે. તે શિવકુમાર જોડે ચિત્રોનો અભ્યાસ કરે છે. માયા આધુનિક યુવતી છે. શિવકુમાર જોડે ચિત્રોનો અભ્યાસ કરે છે. શિવકુમારનાં ચિત્રો મેનકા અને વિશ્વામિત્ર, શ્રીકૃષ્ણ અને ગોપીઓની રાસલીલા તે જોઈ મુગ્ધ બને છે. સમય જતાં તે પણ પ્રણયના પ્રબળ આવેગથી તેના પ્રત્યે ખેંચાય છે. અને લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. શિવકુમાર વિનમ્રતાપૂર્વક તે નકારતાં કહે છે, 'તું મારી પાસે ચિત્રકળા શીખી રહી છું તેથી મારી શિષ્યા છે. આપણી વચ્ચે ગુરુ-શિષ્યનો પવિત્ર સંબંધ છે.' તેમ છતાં માયા શિવકુમારને વશ કરવાના પ્રયત્નો ચાલુ જ રાખે છે.

મસૂરીમાં શિવકુમાર અને માયા શહેરના અનેક સ્થળોની મુલાકાત લે છે. તે દરમિયાન માયા પોતાના પ્રેમભાવને વ્યક્ત

કરતી જ રહી. અને શિવકુમાર શાંતિ - સમજણપૂર્વક તેને અસ્વીકાર કરતો જ રહે છે.

તે અડગ આદર્શવાદી કલાકાર છે. તેનું મન ચિત્રશાળાના નિર્માણમાં છે. ચિત્રશાળાના મકાનની વ્યવસ્થા થઈ જવાથી તે ઉદ્‌ઘાટન માટે કલાગુરુ કાશીનાથને આમંત્રિત કરવા દિલ્હી આવે છે. પલ્લવીના પ્રેમનો ઉન્માદ હજી શાંત નહતો થયો. શિવકુમાર અચળ છે.

ચિત્રશાળાના ઉદ્‌ઘાટન નિમિત્તે કાશીનાથ અને પલ્લવી મસૂરી આવે છે. પલ્લવી અને માયા એકબીજાના પરિચયમાં આવે છે. શિવકુમારને લઈને બન્ને પરસ્પર શંકાગ્રસ્ત છે. ને આકસ્મિક એક ઘટના ઘટે છે. ઉદ્‌ઘાટન પછી એકવાર માયા અચાનક શિવકુમારને વળગી પડે છે. પલ્લવી આ જોઈ જાય છે. એની આંખમાં ઈર્ષ્યાની અગ્નિજ્વાળા ઉત્પન્ન થાય છે. માયાનું મન પણ પલ્લવીથી પૂર્વગ્રહયુક્ત તો હતું જ ! પલ્લવી શિવકુમાર પર આક્ષેપ મૂકે છે કે તે માયાથી મોહિત છે. સ્પષ્ટતા કરતાં શિવકુમાર જણાવે છે, ‘હું પવિત્ર છું. અને કલાના ધર્મને સમજું છું.’

ફરીથી માયા ઈર્ષ્યાની આગમાં ઘેરાઈ શિવકુમારને પલ્લવીનો વહેમ સાચો પડી પોતાની સાથે લગ્નગ્રંથિથી જોડાઈ જવા કહે છે. પણ તે દઢતાથી ના કહે છે.

ગેરસમજ લઈને પલ્લવી પિતા સાથે દિલ્હી પરત આવે છે. અહીંની ચિત્રશાળામાં કામ કરતા કલાકાર સંકીર્તન સાથે સ્નેહલગ્નથી જોડાય છે. માયા આ વાત જાણી શિવકુમારને પોતાની સાથે લગ્ન કરવા દબાણ કરે છે. શિવકુમાર ના જ પાડે



છે. ગુસ્સે થયેલી માયા છંછેડાઈ આવેગમાં આવી શિવકુમાર પર બળજબરીનો પ્રયત્ન કરે છે. ને પિતા રામનારાયણ આગળ અવળી રજૂઆત કરતાં શિવકુમાર પર બળજબરીનો આક્ષેપ કરે છે. અકળાયેલા રામનારાયણ શિવકુમારને ઠપકો આપે છે. તો શિવકુમાર સત્ય હકીકત જણાવી પોતાનું વલણ સ્પષ્ટ કરે છે.

માયાના અથાગ પ્રયાસો છતાં તે શિવકુમારને પીગળાવી કે ચલિત કરી શકતી નથી. હતાશ, ઘવાયેલી માયા આખરે પ્રીતમલાલના પુત્ર નવનીત સાથે લગ્ન કરી લે છે. લગ્નમાં શિવકુમારે સદ્‌ભાવના વ્યક્ત કરી. પણ માયાએ મનમાં સંકલ્પ કર્યો કે; મારા ઘોર અપમાનનો, અવજ્ઞાનો બરાબર બદલો લઈશ. આસક્તિ હંમેશા દુઃખદાયક અથવા અશાંતિકારક છે. શિવકુમારની ચિત્રશાળાને (એની અંદરની અસાધારણ કલાકૃતિઓ સાથે) ભસ્મીભૂત કરવા તે કૃતનિશ્ચયી બની એ સંકલ્પ અમંગલ હતો. પરંતુ તેની બુદ્ધિ ભ્રમિત થઈ ગયેલી.

પ્રસંગોપાત શિવકુમારને બનારસ જવાનું બને છે. ત્યાં મામાએ ગોઠવ્યા પ્રમાણે કલા નામે કન્યા સાથે લગ્ન કરે છે. કલા રૂપ અને ગુણના સંગમ સમી હતી. બન્ને સિદ્ધપુરુષ શાંતિનાથના આશિષ મેળવવા ઋષિકેશ આવે છે. આશીર્વાદ સાથે એક ચેતવણી આપતાં શાંતિનાથ કહે છે, ‘ઈશ્વર સદાને માટે તારી રક્ષા કરશે; તો પણ તું આગથી સંભાળજે.’

માયા શિવકુમારની ચિત્રશાળાને બાળીને ખાખ કરવા તત્પર છે. એ માટે તેણે ચોકીદાર કેવલસિંગને વિશ્વાસમાં લીધો. કેવલસિંગે પૂર્વે ચિત્રશાળાની કેટલીક નિર્દોષ કન્યાઓ સાથે અશિષ્ટ વ્યવહાર કરેલો. તેથી શિવકુમારે તેને ઘણો ઠપકો આપી સાવધાની રાખવા જણાવ્યું હતું. તેને આ પ્રસંગથી શિવકુમાર

પ્રત્યે ઈર્ષ્યાની આગ જાગેલી. તેથી રૂપિયાની લાલચમાં આવી માયાનું સૂચન માની ચિત્રશાળાને આગ લગાડે છે. ભયંકર અગ્નિજ્વાળામાં ચિત્રશાળા રાખ થઈ ગઈ. લાલચુ કેવલસિંગ રૂા. ૧૦૦ની નોટ લેવા જતાં તેમાં બળી ગયો. રામનારાયણ, રાગિણી ને માયાએ સહાનુભૂતિ બતાવી. બચી ગયેલા શિવકુમાર અને કલાને પ્રેમથી પોતાને ત્યાં રહેવા લાવે છે.

એ દરમિયાન માયાની સાડીને એક દિવસ એકાએક અગ્નિની ઝાળ અડવાથી આગ લાગી. રાગિણી અને કલા સ્તબ્ધ છે. શિવકુમારે જાનના જોખમે પણ માયાને બચાવી લીધી. માયાનું હૃદયપરિવર્તન થયું. આભાર વ્યક્ત કરતાં તેણે કહ્યું, ‘તમારા માટે મારા મનમાં વેરની આગ હતી. છતાં પણ તમે મારી રક્ષા કરી. તમારી માનવતાની સાચી ઓળખ હવે જ પડી.’ શિવકુમારે કહ્યું, ‘વેરનો ઉત્તર વેરથી નહિ, પરંતુ પ્રેમથી જ આપવો જોઈએ. માયા ! સંસારને વેરની નહિ, પ્રેમની જ આવશ્યકતા છે.’

કાશીનાથના અવસાનના સમાચાર જાણી શિવકુમાર ને કલા દિલ્હી આવે છે. પલ્લવીને આશ્વાસન આપે છે માયા સાથેના પેલા પ્રસંગની સ્પષ્ટતા થાય છે. આથી પલ્લવીને સંતોષ થાય છે. કલાને મળીને તે પ્રસન્ન છે. શિવકુમારને પિતાની ચિત્રશાળા સંભાળી લેવા વિનંતી કરી પરંતુ શિવકુમારે મસૂરીમાં જ કલાકેન્દ્ર શરૂ કરવાનો આગ્રહ રાખ્યો. વિદાય લેતાં પલ્લવીએ તેને એક કવરમાં બે હજારનો ચેક મૂકીને લખેલું, ‘ભવિષ્યની ચિત્રશાળા માટે બેન પલ્લવી તરફથી...’

મસૂરીથી આવ્યા બાદ શિવકુમારે કલાકેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું.



માયા સાથેના સંવાદમાં શિવકુમાર કહે છે : ‘કલાકાર માત્ર સંવેદનશીલ હોય છે. પણ કોઈપણ પ્રકારની કટુતાથી યુક્ત નથી હોતો. સત્ય શિવ તથા સુંદરતાનો આરાધક હોઈને મધુરતાથી મંડિત હોય છે. એનાં મનમાં કોઈને માટે અમંગલ ભાવના નથી હોતી.’

‘બહારની આગ ચિત્રશાળાને ભસ્મીભૂત કરીને શમી ગઈ, પરંતુ કલાના ક્ષેત્રમાં ઉત્તરોત્તર આગળ વધવાની ઉત્કટ આકાંક્ષાની આગ મારા અંતરમાં નથી શમી. એ આગ દઝાડનારી કે વિનાશ કરનારી નથી. નવસર્જન કરનારી, શાંતિ આપનારી ને કલ્યાણકારિણી છે. એ કાયમ છે ત્યાં સુધી ચિત્રશાળા નથી મટી. નવી નવી ચિત્રશાળાનું સર્જન થયા જ કરશે.’

મારી જીવનભરની સાચી કલા બહાર નહિ પરંતુ મારી અંદર, મારા અંતરમાં છે. એનો નાશ કોઈપણ નથી કરી શકે તેમ. અગ્નિ એને બાળી શકે તેમ નથી ને પાણી તેથી પલાળી શકે તેમ. એના પર કાળનું શાસન નથી ચાલી શકતું. મારા અંતરની એ અમર કલા છે. મારી ચિત્રશાળા ચિત્તની ચારુ ચિત્રશાળા સલામત છે, અમર્ત્ય છે. હું નવી નવી કલાકૃતિઓ અને ચિત્રશાળાઓનું સર્જન કરતો રહીશ. અને કદાચ નહિ કરું તો પણ શું ? હું પોતે જ એક આદર્શ કલાકૃતિ કે ચિત્રશાળા થઈશ. સાચા કલાકારને માટે કદી નિરાશ થવાનું નથી હોતું.

કથાનો સુખદ અંત આવે છે પલ્લવી પણ રક્ષાબંધને સંકીર્તન સાથે શિવકુમારને રક્ષા બાંધવા આવી પહોંચે છે.

આમ, ‘આગ’ શીર્ષકમાં કૃતિનું હાર્દ ઝીલાય છે. આગ શબ્દ

સમગ્ર કથાનું સંયોજક તત્ત્વ છે. કૃતિમાં બનતી આંતર અને બાહ્ય ઘટનાઓ તેનાથી વ્યંજિત થાય છે. કૃતિનો ભાર વહન કરનાર તે સક્ષમ ધારક બળ છે.

આમ, લેખક કથાના શીર્ષક અને ઘટનાઓ વચ્ચે અવિનાભાવી સંબંધ રચી શક્યા છે તે તેની તેમની સિદ્ધિ છે. તેમનું ધ્યેય કલાકારના નૈતિક જીવનના નાયક દ્વારા આદર્શ ઊભો કરવાનો છે. લેખક પલ્લવી, માયા અને શિવકુમારનાં સંવેદનોને સવિગત અને સૂક્ષ્મ રીતે વર્ણવી તત્કાલીન સમાજનું દર્શન કરાવે છે. સાંપ્રત કાળમાં પણ તે એટલી જ પ્રસ્તુત છે. શુદ્ધ ભાવ સામે અશુદ્ધ વિચારો, વિકારોને પરાસ્ત થતા લેખક વર્ણવે છે.

શ્રી યોગેશ્વરજી કલાકારના ઊંચા-આદર્શ ચરિત્રનું સમાજને દર્શન કરાવે છે. નીતિશુદ્ધ કલાસાધના દ્વારા દેશસેવાનું લક્ષ્ય સાધી શકાય છે, તેમાં કોઈ અનિષ્ટના આગમનને અવકાશ નથી તેવો ધ્વનિ લેખક કથાના અંતે ફલિત કરે છે. આખી કથામાં જીવનલક્ષી સાહિત્યકાર, અદૃશ્ય નથી રહી શકતા. તે તેમની વિશેષતા તેમજ મર્યાદા છે. છતાં એક સંત સાહિત્યકારની સાત્ત્વિકતાનો સંસ્પર્શ 'આગ' નવલકથાને કોઈ 'વિનાશક જ્વાળા' તરીકે નહિ પણ 'પ્રકાશવંત જ્યોત'રૂપે પ્રસ્તુત કરી; જીવનમાંગલ્યનો સર્જકનો હેતુ સુપેરે સિદ્ધ કરી રહે છે. તેથી આ કૃતિ 'મનહર' જ નહિ, 'મનભર' પણ બની રહે છે.

–ડૉ. અરુણા ઠાકર



# ॥ Advent of Divinity ॥

A century ago, Bhagvan Yogeshwar must have decided to descend upon this world and soon thereafter he appeared on August 15, 1921. Self-realized saints are known to have the choice of reappearing into this mortal world at their own will. Here we are talking about 'Hari 0m tat Sat', the unmanifested absolute reality or the Supreme One. The One who revealed just a glimpse of himself while residing in this world. The 'Isavasya Mantra' explains that the Supreme Absolute comes from the Supreme Absolute which is complete in every way. Born to a mother named Jadavben, that Supreme Absolute revealed, only after her departure, that Maa Jyotirmayi was actually a reflection of that Supreme Absolute Maa Jagadamba, who had appeared just to support her child and participate in his divine play while experiencing happiness through their play of manifested duality, even though they were one in their unmanifested form. What was the reason for such an advent? On further reflection one can surely understand that it was inspired out of compassion. Shri

Yogeshwar's appearance was definitely for the welfare of living souls who have been caught up in this temporary cycle of birth and death. All living scuts are part and parcel of that Supreme Divinity and so, it is very natural for that Supreme to find ways to draw those living souls back to their permanent state. Hence, he spent 64 years in this mortal world to attract all souls back to that path of divinity and back to Godhead. Every act of his since childhood, which were later noted in his autobiography, were simply enacted for everyone to read and follow. Fortunate souls have directly or indirectly come in contact with his life and derived great benefit on their path through life. There remains no doubt that his life has inspired many to progress spiritually and to conduct welfare work for others. His greatest act of compassion is visible today in the form of Pujya Maa Sarveshwari. He must have surely known the need for his work of human welfare to continue and through his love for the Divine Mother, he must have appealed the Divine Maa Jagadamba to incarnate and show the path forward to her devotees. We forever are indebted



to those Supreme Beings and pray for their guidance through life for eventual attainment of the Divine goal.

**—શ્રી પ્રતીક સ્માર્ત**

## ।। શ્રીરામમંદિરના ભૂમિપૂજનનો ભારતીય સમારોહ ।।

**(શ્રીરામના શાશ્વત સંદેશથી મઢાયેલી અયોધ્યાની ઐતિહાસિક ક્ષણ)**

તા. ૫ ઑગસ્ટ, ૨૦૨૦ના બપોરે ૧૨.૪૪ વાગે ૩૨ સેકન્ડના શુભ મુહૂર્તમાં ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યામાં ૫૦૦ વર્ષ સુધી ચાલેલા વિવાદ પછી શાંતિપૂર્ણ રીતે 'શ્રીરામમંદિર નિર્માણ'ના શ્રીગણેશ મંડાયા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ યજુર્વેદના 'પ્રતિષ્ઠામંત્ર'ના ઉચ્ચારણ સાથે, પૂજિત નવ શિલા સ્થાપિત કરી; સાથે એક નાનો સુવર્ણકળશ પણ પાયામાં અર્પિત કર્યો. શ્રીરામમંદિરના ભૂમિપૂજન વેળાનો વડાપ્રધાનનો ભાવ કંઈક આ રીતે વ્યંજિત થયો : 'રામ કાજુ કિન્હે બિનુ મોહિ કહાઁ વિશ્રામ ?' અર્થાત્ 'રાષ્ટ્રની ધુરા વહન કરવાનું કાર્ય રામનું કાર્ય છે, જે મારે અવિશ્રાન્ત ભાવે અદા કરવાનું છે.' પ્રસંગને અનુરૂપ તેઓશ્રીના સત્ત્વવંતા શબ્દો હતા : 'શ્રીરામનું મંદિર આપણી સંસ્કૃતિ, આપણી શાશ્વત આસ્થા તેમજ રાષ્ટ્રના કરોડો-કરોડો લોકોની સામુહિક સંકલ્પશક્તિનું પ્રતીક બની, અનંતકાળ સુધી સમગ્ર માનવજાતને પ્રેરણા આપશે. આખરે રામ સૌના છે, સૌમાં વસેલા છે. શ્રીરામનો વિશ્વને સંદેશ છે : 'કોઈએ ક્યાંય સ્થગિત થયા વિના આગળ ને આગળ વધવાનું છે.' જય શ્રીરામ ! જય સિયારામ !

## ॥ 'પ્રકાશના પંથે'ની પ્રશિસ્ત ॥

**"પ્રકાશના પંથે"** એ ઈશ્વરની ઈચ્છાથી આલેખાયેલું અધ્યાત્મ જગતનું બ્રહ્મકમળ છે. એમાં અગાધ પરિશ્રમ અને અણુએ અણુમાં ઈશ્વરીય પ્રેમ પ્રસરેલો છે. માનવવિકાસને મદદરૂપ એવી અનેકાનેક રત્નકણિકાઓથી સુશોભિત છે. માનવજાતિના મંગલ ને ઉત્કર્ષ માટે જ પૂ.શ્રી ગુરુદેવ પ્રભુએ આ ભાગીરથીનું અવતરણ કર્યું છે. માનવકલ્યાણની આ સરિતા ક્યાંય સ્થગિત નથી તેનું વહેણ સતત ને અનવરત જ રહ્યું છે.

**"પ્રકાશના પંથે"** એટલે ઈશ્વરના શરણ, ઈશ્વરના સ્મરણ અને ઈશ્વર સાથેના અતૂટ પ્રેમનો દોર. માનવજીવન અત્યંત મૂલ્યવાન છે. આત્મશક્તિ અને ઈશ્વરના અનુગ્રહથી માનવ માત્ર પ્રકાશના પંથે અવગાહન કરી શકે છે તેની સાચી ગૌરવગાથા છે." સંતત્વની ચરમસીમાએ ઈશ્વર પ્રગટ થાય છે. એ જ ઈશ્વરને પ્રગટાવનારી આ કથા તે જ પૂ.શ્રીની આત્મકથા.

ઈશ્વરનો સાક્ષાત્કાર જ નહિ પણ સ્વયં પૂજ્ય 'મા'માં જ ઈશ્વરનું આરોહણ કરાવી દેવું તેવી દુર્લભ અવતરણકથા તે જ પ્રકાશના પંથેની પાવનગાથા. જેમાં પૂ.શ્રી કહે છે તેમ.

"દિલને તપાસવાનો, ઈશ્વરની ઈચ્છાને જાણવાનો અને તેનો અમલ કરવાનો માર્ગ તે પ્રકાશના પંથ નો માર્ગ."

ગુરુદેવ પ્રભુ ! આપના આ પ્રકાશ પંથમાં સાધનાનો પવિત્ર પ્રકાશ તો છે જ, પણ વ્યવહારનો, આચારવિચારનો, જાગૃતિનો, વિવેકનો, નિર્ભયતાનો, તટસ્થતાનો પણ પ્રકાશ છે. માટે હે, પ્રગટ પુરુષોત્તમ ભગવંત આપની હરક્ષણ, હરપળના



અનુગ્રહ માટે આપને પ્રણામ હો..

આ સમગ્ર કથાની યાત્રા એટલે..બિંદુમાંથી સિંધુ થવાની પૂર્ણ યાત્રા. ઈશ્વરની સર્વસમર્થતામાં પૂર્ણ વિશ્વાસ અને અનંતના આકાશમાં અવગાહન કરી પત્રે..પત્રે..વિટપે..વિટપે..મા જગદંબાનું સ્તુતિગાન છે. જાણે અખંડ સાધનાનો યજ્ઞકુંડ. જાણે આત્મોન્નતિનું ઉદ્દગમ અને અંતિમ સ્થાન અને એનો પ્રમુખ ધ્વનિ.

**"સ્ત્રી માત્રમાં જગદંબા"**

અક્ષરે અક્ષરે અદ્ભુત ને વિચારવંત કરી મૂકે તેવો ગ્રંથ. અરે ! ગ્રંથ જ નહિ જાણે "પ્રમુખ પંથ". જ્યાં સર્વ વેદોની ઋચાઓ છે કે પછી ઉપનિષદનો આવિર્ભાવ છે કે સમગ્ર ગીતાના ઉપદેશનો અનુવાદ. જ્યાં જ્યાં જે જે શ્રી હરિ મૂકે તે ઝગમગી જાય.

**"પ્રકાશના પંથે"** એટલે સાધનાની સિદ્ધ ગંગા. પરમાર્થના પ્રવાસીને તે પેલે પાર મૂકે જ તેવી અનુભવની ગહન જ્ઞાનગંગા તેમાં છલકાય.

પૂજ્ય 'મા'ની કરુણા, કૃપા ને મંગલમયતામાં અનંત શ્રદ્ધા. મહત્ત્વાકાંક્ષા ને આશાનો ભરપૂર ભંડાર. સાધનાના માર્ગે સંકટ સહન કરવાનું બળ અને મૂંઝવણ તથા મુશ્કેલીમાં "મા"નું શરણ લઈ સમગ્ર જીવનના ઘડતરની ક્રમે ક્રમે કથા.

આ સાચી ને સનાતન કથા જાણે કે પારસમણિરૂપી જ્ઞાનદીપ અને વિવેકરૂપી જ્ઞાનજ્યોત.

પૂ.શ્રીની ગૌરવરૂપી આ સમગ્ર ગાથાના ચાર મુખ્ય સ્તંભ. ઉત્સાહ, ખંત, હિંમત, અનન્ય શ્રદ્ધા. અને ચાર પ્રેરક મિત્રો,

પુરુષાર્થ, વિવેક, જાગૃતિ, સમર્પણ.

આ ગ્રંથનું લેખન સરળ, સુંદર ને મધુર છે. સંયમની અને આત્મિક ઉન્નતિની સાધનાથી અલંકૃત છે.

**''પ્રકાશના પંથે''**નો દેદીપ્યમાન પ્રકાશ પૂ.શ્રી એ એકલે હાથે દુર્ગમ સાહસો ખેડીને પ્રાપ્ત કર્યો છે, જ્યાં પળે પળે પ્રાર્થનાના પારસમણિનો પ્રયોગ કરી પરમશક્તિને પ્રગટાવી છે. સાધનાના બાગના માળી બનીને એકલે હાથે માવજત કરી પૂર્ણ પ્રકાશના પૂર્ણ યાત્રી થયા છે. તે પ્રકાશ સ્વપ્રકાશિત છે. પર પ્રકાશિત નથી. તેથી જ તે અખંડ, અનંત ને અવિનાશી છે.

ઈશ્વર સાથેના સંબંધને સુદ્રઢ કરવાનો સંકલ્પ છે તે પૂ.શ્રી ગુરુદેવ પ્રભુએ પૂર્ણપણે કર્યો છે તેથી જ.

- ''પ્રકાશના પંથે'' જીવનના મંગળની યાત્રા છે.
- પૂર્ણતાની પ્રાપ્તિનો પુણ્યપ્રવાસ છે.
- સરળતા, સુંદરતા, માધુર્યતાના સામંજસ્યસમા સ્નાનમાં સ્નેહપૂર્વક પરમશક્તિ સાથેના સનાતન સંબંધની આ કથા છે.

''પ્રકાશના પંથે'' એટલે

- શાંતિ, નિર્વાણ, મુક્તિ અને પરમાનંદ
- પ્રેમની પ્રબળતાનું પ્રતિબિંબ
- પૂર્ણતા, આત્મશાંતિ તથા ભારત અને વિશ્વકલ્યાણ માટેનો સાધનાયજ્ઞ.

અંતે, પ્રકાશરૂપી આ વિરાટના હિંડોળે ઝુલાવતા રાખજો એવી પ્રાર્થના સાથે તપસ્વી, જ્ઞાની, વિતરાગી એવા શ્રી ગુરુદેવ પ્રભુના શ્રી ચરણે પ્રણામ…પ્રણામ…પ્રણામ.

**–શ્રી યોગેશ પંડ્યા**



# ॥ સુહાયે મસ્તકે 'શિવસ્તુતિ' ॥

આકાશ અનંત છે. કોઈ પક્ષી એવું નથી કે જે આકાશનો અંત પામી લે, પરંતુ તેથી કરીને તે ઉડવાનું છોડી દેતું નથી; એની પાંખોમાં જેટલી શક્તિ હોય એટલું ઉડ્ડયન એ આકાશમાં કરી જ લે છે. એમ 'અસીમ શિવતત્ત્વ'ને પોતાની 'સીમિત નિર્માણશક્તિ'માં ઝીલવા ઘણા સાહિત્યકારો મથ્યા જ છે. કિન્તુ પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીની અદ્‌ભુત સર્જકપ્રતિભામાંથી એવી અદ્‌ભુત 'શિવસ્તુતિ' રચાઈ છે, જે વિશ્વનાં શ્રેષ્ઠ સ્તુતિકાવ્યોની હરોળમાં સહેજે સ્થાન લઈ શકે તેમ છે.

'શિવસ્તુતિ'નો પ્રારંભ જ ભવ્યાતિભવ્ય છે. જેના મસ્તકે ગંગા શોભે ને જેની સંનિધિમાં મધુ ચંદ્ર છે એવા (એક નહિ) લાખો કામોને પરાસ્ત કરતા 'શિવના પરમ શોભાસ્વરૂપનો સાક્ષાત્કાર' કરાવી રહે છે ! એવા સદાશિવના રૂપને પોતાના હૃદયમાં પ્રતિષ્ઠ થવા ભક્તહૃદય વિનમ્ર અનુરોધ કરે છે.

ભક્ત સુપેરે જાણે છે કે, શિવ તો સમગ્ર બ્રહ્માંડના સ્વામી છે, તેમનું ઐશ્વર્ય અતુલનીય છે. જેમનું રૂપ સહજ મધુર હોવા છતાં, આકર્ષક હોવા છતાં તેઓ ત્યાગીના રૂપમાં રહેવાનું પસંદ કરે છે. (પણ એમના આંતરિક ઐશ્વર્યને ઓળખતા) લાખો સિદ્ધ-યોગીઓ જ નહિ, યોગીન્દ્ર પણ જેમને પૂજે છે; એવા સદાશિવનાં શ્રીચરણોમાં પોતાને રાખવાનો અનુનય ભક્તથી સહેજે થઈ જાય છે.

જે વસે છે મહા કૈલાસમાં. એમનામાં છે આત્માનો અનુરાગ ! વિરાગી હોવા છતાં કરુણાથી છલોછલ ! એવા દેખીતા વિરોધી ભાવોથી ભારે વરણાગી જણાય. પોતાની સઘળી રિદ્ધિ, સિદ્ધિ,

ભુક્તિ-મુક્તિ અર્થાત્ સઘળી આત્મસંપત્તિથી ભક્તોને ન્યાલ કરી દે છે. એ સર્વસુખદાતારૂપે સદાશિવને પોતાના હૃદયમાં રાખવા ભક્ત તેમને નમે છે.

આમ, 'શિવસ્તુતિ'ની શરૂઆતની બાર પંક્તિઓમાં સદાશિવના સ્વરૂપ સાથે પોતાના સ્નેહનો અદકેરો ભાવસંબંધ સ્થાપી ભક્ત ક્રમશઃ શિવજીના અધિકાધિક મહિમાને વર્ણવે છે.

શિવજી જગત્કલ્યાણ માટે સ્વેચ્છાથી, પ્રેમથી વિષ ગ્રહી, નીલકંઠ બન્યા. રતિસ્વામી અર્થાત્ કામદેવને અન્-અંગ કર્યો, કેવળ શરીર રહિત કર્યો. બાળ્યો કે નષ્ટ કર્યો એમ કહી તેના પ્રત્યે નિષેધભાવ નથી દર્શાવ્યો. અર્થાત્ કામને ઉવેખી પ્રેમને સ્વીકાર્યો.' પરિણામે તે ઉમા સાથે રહ્યા. આવા અનુકંપાશીલ શિવજીનાં મધુર ચરણ પોતાના મસ્તકે સદા રહો એમ કહી, ફરી એકવાર સદાશિવને પોતાના ચરણમાં રહેવા અનુરોધ કરે છે.

પોતાની જટામાં દિવ્યશક્તિ હોવાથી શિવજી ગંગાના ધસમસતા પ્રવાહને ઝીલી શક્યા. નહિ તો આ મૃત્યુલોકને ગંગા ક્યાંથી મળત ? શિવજીને લીધે અવતરિત ગંગા લાખો લોકોને પુણ્યશાળી બનાવે છે. આ ગંગાપ્રવાહમાં ડૂબકી લગાવી. તેમજ જલપાન કરી લોકો પુણ્ય મેળવે છે. એનાથી લોકો ઐશ્વર્યમંત પણ એટલા જ થાય છે અને યમના દૂતો તો એમની પાસે માખો-ક્ષુદ્ર જંતુ બની રહે છે.

શિવજીને સ્મશાનવાસી જાણીને મૂર્ખ માનવો એમને જડ ભલે કહે. હકીકતમાં શિવજીને જડ-ચેતન ઉભયમાં રહેલો પ્રેમ સ્પર્શે છે અને એમની વાણી સહેજે મધુર હોય છે. એમનો વ્યવહાર સહજ કરુણાભર્યો છે. જગતમાં શિવજીના આ કલ્યાણમય સ્વરૂપની લાખો શાખો છે, (કંઈ કેટલાંયે સ્વરૂપોમાં



શિવજીનું તત્ત્વરૂપ છે.) પણ લોકોમાં વિશ્વાસનો અભાવ છે. આ શિવ એક નથી, અનેક છે. અનેક સ્વરૂપે એ પ્રેમ-માધુર્ય ફેલાવે છે એવા સર્વમંગલ કરનારા સદાશિવને પોતાના હૃદયમાં સ્થિર રહેવા ભક્ત વિનવે છે.

આમ, ૧૬ પંક્તિઓમાં શિવનો મહિમા દર્શાવ્યા પછી ભક્ત અપૂર્વ શ્રદ્ધાથી કહે છે : જો ભાવથી પ્રાર્થના થાય, રાગ-અનુરાગથી સ્તવન થાય તો પ્રેમીભક્ત પાસે તમારું રૂપ ઉજાગર (પ્રગટ) ન થાય એવું બને જ નહિ. તેથી ભક્તનો વ્યાજસમેત પ્રેમ વાળી દે એવા સદાશિવને શ્રીચરણે રહેવાની પોતાની ઇચ્છા ભક્ત વ્યક્ત કરે છે.

ફરી એકવાર શિવજીમાં રહેલા દેખીતા પરસ્પરવિરોધી ગુણોનો સંદર્ભ આપતાં ભક્ત કહે છે : તમે મહાત્યાગી છો છતાંય પાર્વતીજી તો સદા તમારી સેવામાં છે જ. બ્રહ્માંડના સ્વામી હોવા છતાં તમે એકાંતવાસી છો. મૂર્ખ હોય એ જ તમારા આવા રૂપને ન સમજે. (કમસે કમ) મને તો તમે ભ્રાંતિમાં ન જ નાખતા. અર્થાત્ હું નિઃસંદેહ છું, રહેવા માગું છું. તમારું રૂપ આ ભક્ત આગળ સ્પષ્ટ, અસંદિગ્ધ રીતે સ્ફુટ છે. મારા હૃદયમાં એ અસલ રૂપ રાખવા સદાશિવ આપને નમું છું.

શિવજીનું સ્પષ્ટ પ્રગટીકરણ-સાચું સ્વરૂપ અનુભવ્યા પછી ભક્ત કાવ્યાન્તે કહે છે : 'તમારી મંગલમય કૃપાની એકમાત્ર આશા છે. હે ઉમાના શંકર ! તમારા દૃષ્ટિસુખની કેવળ આશા છે. અર્થાત્ તમે ઉમાના છો, ભલે રહો પણ અમારે માટે આપની એક કૃપાનજર પર્યાપ્ત !'

આટલું કહ્યા પછી પોતાના પ્રેમનો વિશેષાધિકાર નિવેદિત કર્યા વિના ભક્ત રહી શકતો નથી. છેવટે કહી જ દે છે કે, હું જ્યારે પોકાર કરું, ત્યારે તમે તે સાંભળી (ધીમે ધીમે, હળવે

હળવે ન આવતા) પાંખો કરી-વિમાનવેગે આવજો. વિલંબ ના કરતા. ભક્તોને સહાય કરવા ઊડી આવતા એવા હે સદાશિવ ! આપના ચરણમાં મને રાખશોજી.

તો જ્યારે, જે ક્ષણે ભક્ત પોકાર કરે ત્યારે ભગવાનને વિનાવિલંબે ઊડતા આવી જવાનો સીધો સ્પષ્ટ પ્રેમાદેશ કરતાં ભક્તનો ભાવ હવે તીવ્રતાની પરાકાષ્ઠાએ પહોંચી. 'મને તમારા ચરણમાં રાખો' નો 'અનુનયનો ભાવ' 'મને તમારા ચરણમાં રાખ્યે જ તમારો છૂટકો' ના 'પ્રેમાગ્રહ'માં જાણે પરિણમે છે. આ 'વ્યંજના,' આ ધ્વનિ આ ભાવવાહી રચનાનું ઉત્તમોત્તમ શૃંગ છે.

'શિવસ્તુતિ'ની આખીયે રચનામાંથી ભાવસંકેતો-મર્મો ઝીલતાં ઝીલતાં ભાવક છેક છેલ્લે પામી જાય છે કે, 'ચરણનિવાસ'ની સ્પૃહા એ તો ભક્તે ઉપજાવેલ બહાનું હતું. ભક્તની આખીયે યોજના (પ્રેમભર્યું કાવતરું) 'હૃદયનિવાસ'ની છે; જે પોતાના આગવા અધિકારને આગળ કરી, સાધી લેવા ચહે છે. (અરે ! શિવજી સ્વયં જ સદાશિવના ચરણમાં સદા રહેવા ઝંખતા હૃદયોને પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કરી જ દે છે ! કારણ આમ કરવું એમના માટે સહજ, સ્વયંસ્ફૂર્ત છે. કેમકે પોતાનું નામ જ સદાશિવ છે. જીવનું સર્વ પ્રકારે સર્વદા કલ્યાણ કરવું, જીવને શિવમય જ નહિ, શિવસ્વરૂપમાં પરિવર્તિત કરી દેવો; એ જ એકમાત્ર એમનું લક્ષ્ય છે. એ માટે જ એમનું 'હોવું' છે !)

ભક્તને ભગવાન પર અનન્ય પ્રેમ, અટલ શ્રદ્ધા છે. પણ ભોળો હોવાથી 'મારો પોકાર સાંભળી, પ્રેમપૂર્વક પાંખો કરીને આવજો.' એવું અધોરેખિત (underline) કરીને કહે છે; એને



ક્યાં ખબર છે કે, ભગવાન સ્વયં હર ક્ષણ ભક્તના પોકારની-બોલાવવાની પ્રતીક્ષામાં હોય છે. પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી કહે છે તેમ; 'હરિ' શબ્દ આખો ઉચ્ચારવો ન પડે, 'હ' ઉચ્ચારાતાં જ હરિ હાજર થઈ જાય છે ! એટલી ઉત્કટ એની 'ભક્તપ્રીતિ' હોય છે !

સાચે જ. પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ આ ચાળીસ પંક્તિની નાનકડી 'શિવસ્તુતિ'માં ભક્તનો શિવ પ્રત્યેનો અનર્ગળ પ્રેમ ભાવવિહ્વલધારામાં સળંગ વહેતો રાખ્યો છે. છેવટે આગવા પ્રેમાધિકારની ધજા ફરફરાવી (પોતે પોકારે ત્યારે પાંખો ધારીને આવે એવું 'કાયમી નિમંત્રણ' ભોળાભાવે ભોળાનાથને આપી રાખે છે.) પણ પ્રભુ સ્વયં પણ આવા ઉત્કટ પ્રેમીભક્તથી દૂર જ ક્યાં જઈ શકે છે કે એમને ઊડીને આવવું પડે ?

એ સદાશિવ સદૈવ ભક્તહૃદયની ભીતર જ પ્રતિષ્ઠિત છે એવો ધ્વનિ વ્યંજિત કરી, ભક્ત-ભગવાનનું અદભુત સાયુજ્ય સિદ્ધ કરી. આ સ્તુતિ જ્યારે કર્ણમધુર ગીત-સંગીત સ્વરૂપે પ્રસ્તુત થાય છે ત્યારે એનું સૌન્દર્ય ઑર નીખરી ઊઠે છે.

પૂ.શ્રી યોગેશ્વરજીરચિત આ ધ્વનિપૂર્ણ, સંકેતસભર, ભાવવાહી 'શિવસ્તુતિ' વાંચી-સાંભળી, ભાવક સહેજે કૃતજ્ઞભાવે 'ધન્યોઽસ્મિ' કહી ગાઈ ઊઠશે :

**"સુહાયે મસ્તકે 'શિવસ્તુતિ'"**

—પછી એ 'મસ્તક' કોઈ શિવભક્તનું હોય, ગુજરાતી ભક્તિકવિતાનું હોય કે વિશ્વની સ્તુતિ કવિતાનું હોય ! નિઃસંદેહ પૂ.શ્રી યોગેશ્વરજી રચિત આ 'શિવસ્તુતિ' એ સર્વ મસ્તકે સુંદર મુગટની જેમ સોહે છે, યુગો સુધી સોહતી રહેશે.'

**—શ્રી તરલા દેસાઈ**